
નવેમ્બર ૨૦૧૮

# દાદાવાણી

છૂટક પ્રતના રૂ ૧૫

જન્મજયંતી વિશેષાંક



'આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન હોય, આ તો 'એ.એમ પટેલ' છે.

દાદા ભગવાન તો મહીં પ્રગટ થયા તે છે, ચૌદ લોકના નાથ !

આવા જ્ઞાની પુરુષના દર્શનથી ઊંચામાં ઊંચા અભ્યુદય અને આનુસંગિક ફળ મળે છે

વર્ષ : ૨૪, અંક : ૩
સળંગ અંક : ૨૭૯
**નવેમ્બર ૨૦૧૮**

**Editor : Dimple Mehta**
**Printed by &Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj
Dist-Gandhinagar - 382421

**Owned by &Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj
Dist-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

કુલ ૪૮ પેજ (કવર પેજ સાથે)

© 2018,
Dada Bhagwan Foundation.
All Rights Reserved

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,**
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જ્ઞાની દર્શને સધાય પોતાનું સ્વદર્શન

### સંપાદકીય

શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'જ્ઞાની પુરુષ એ જ મારો આત્મા છે.' પરમ પૂજ્ય દાદાશ્રી હંમેશાં કહેતા કે આ જે દેખાય છે, એ તો ભાદરણના પટેલ છે ને અમે તો જ્ઞાની પુરુષ છીએ. આ કાળને લઈને અમને કેવળજ્ઞાન ૩૫૬ ડિગ્રીએ અટક્યું છે અને અંદર જે પ્રગટ્યા છે તે ચૌદ લોકના નાથ છે, જે ૩૬૦ ડિગ્રીવાળા પૂર્ણ ભગવાન છે. હું જ એમને ભજું છું ને અને તમનેય કહું છું કે તમે દર્શન કરી જાવ.

મન-વચન-કાયાથી નિરંતર મુક્ત દશામાં વર્તતા એવા જ્ઞાની પુરુષનું પ્રાગટ્ય એ આ કાળનું મોટું આશ્ચર્ય છે. નિરંતર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવથી અપ્રતિબદ્ધપણે વિચરે એવા જ્ઞાની, જે નિરંતર પોતાના સ્વ-સ્વભાવમાં જ વર્તતા હોય તેવા જ્ઞાની પુરુષના દર્શન કરવા જેવા છે. પણ દર્શન કેવા ? સાચી રીતે ઓળખીને દર્શન કરો તો કામ લાગે. દાદાશ્રી કહે છે કે આ કાળમાં માણસોને તો આ ચા ખાંડની છે કે ગોળની એ પણ ખબર ના પડે ત્યાં જ્ઞાની શી રીતે ઓળખે બિચારો ? જ્ઞાની પુરુષની ઓળખાણ પડવી એ કંઈ સહેલી વાત છે ? એ તો એટલું હૃદય શુદ્ધ થાય ત્યારે ઓળખાણ પડે.

પ્રસ્તુત અંકમાં દર્શન એટલે શું, કોના દર્શન કરવા, જ્ઞાની અને દાદાના દર્શનની કડીઓ, જ્ઞાનીને કઈ દૃષ્ટિએ જોવા, બુદ્ધિ કે હૃદયથી દર્શન, અભેદ દર્શનની સાચી રીત, સાચા દર્શનથી શું ફળ મળે, ખાલી દર્શનથી જ ફેરફાર વગેરે અંગે વિશેષ સમજ પ્રાપ્ત થશે. પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે અનંત અવતારની ખોટો હવે આ એક અવતારમાં વાળવાની છે. માટે અમારી આપેલી પાંચ આજ્ઞા પાળો અને અમારી પાસે આવીને સાચા દર્શન કર્યા કરો તો બધું વળી જશે.

દાદાશ્રી કહેતા કે આપણે ત્યાં ત્રણ દિવસ ઉત્તમ; બેસતું વર્ષ, ગુરુપૂર્ણિમા ને જન્મજયંતી. એ દિવસે દાદાને કોઈ વ્યવહાર નહીં. જ્ઞાની પુરુષ દાદા ભગવાન જોડે પૂર્ણ સ્વરૂપે એકાકાર હોય અને તે દિવસે દર્શનથી ઉત્તમ ફળ મળે. તેથી આ પરમાત્મ દર્શનનો લહાવો ચૂકશો નહીં. જ્ઞાની પુરુષના જન્મને ૧૧૦ વર્ષના વહાણા વીતી ગયા. આ વર્ષે ૨૨ નવેમ્બર ૨૦૧૮ કારતક સુદ ચૌદશે, આપણે સહુ જ્ઞાની પુરુષની આ ૧૧૧મી જન્મજયંતીના ઉજવણી પ્રસંગે 'દાદા ભગવાન'ના અલૌકિક દર્શન પામીશું.

કૃપાળુદેવે કહ્યું છે કે જ્ઞાની પુરુષ એ તો પ્રગટ દેહધારી પરમાત્મા છે. પ્રગટને જોતા જ તે રૂપ થવાય છે, મહીં શક્તિઓ પ્રગટ થાય છે. એમની પાસે તો પોતે પોતાના દર્શન કરી લેવાના છે. આપણને જ્યારે પ્રગટ જ્ઞાની પુરુષ દાદા ભગવાન થકી આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે ત્યારે એમના સાચા દર્શન કરી, કૃપાપાત્ર બની આ ભવ સાર્થક કરી મોક્ષપંથે પ્રગતિ સધાય એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# જ્ઞાની દર્શને સધાય પોતાનું સ્વદર્શન

## બી વાવ્યા પછી પાણી ના છંટાય તો...

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી પણ 'હું શુદ્ધાત્મા છું' એ લાવવું પડે છે, એ થોડું અઘરું લાગે છે.

**દાદાશ્રી :** ના, રાખવું પડે નહીં, એની મેળે જ રહે. તે એને માટે શું કરવું પડે ? એ પછી મારી પાસે આવવું-જવું પડે અને પાણી જે છાંટવાનું એ છંટાતું નથી, એટલે આ બધુંય અઘરું થઈ જાય છે. આપણે ધંધા ઉપર ધ્યાન ન રાખીએ તો ધંધાનું શું થાય ?

**પ્રશ્નકર્તા :** ડાઉન થઈ જાય.

**દાદાશ્રી :** હા, એવું આ પણ છે. જ્ઞાન લઈ આવ્યા એટલે આને પાણી છાંટવું પડે, તો છોડવો ઊંચો થાય. છોડવો હોય ને નાનો, તેનેય પાણી છાંટવું પડે. આ તો કોઈ દહાડો મહિને-બે મહિને જરા પાણી છાંટીએ આપણે.

**પ્રશ્નકર્તા :** ઘેર છાંટીએ છીએ.

**દાદાશ્રી :** ના, પણ એ ઘેર છે તે કરો એવું ના ચાલે. એ ચાલતું હશે? રૂબરૂ જ્ઞાની અહીં આવ્યા હોય ને આપણને એની વેલ્યુ જ ના હોય ! સ્કૂલમાં ગયેલા કે નહીં ગયેલા ? કેટલા વર્ષ ગયેલા ?

**પ્રશ્નકર્તા :** દશ વર્ષ.

**દાદાશ્રી :** ત્યારે શું શીખ્યા એમાં ? ભાષા ! આ અંગ્રેજી ભાષા હારુ દશ વર્ષ કાઢ્યા, તો



અહીંયા મારી પાસે તો છ મહિના કહું છું. છ મહિના મારી પાછળ ફરે ને, તો કામ થઈ જાય.

## જ્ઞાનીના દર્શન માત્રથી છુટકારો

**પ્રશ્નકર્તા :** મહાત્માઓએ શું ગરજ રાખવી જોઈએ, પૂર્ણપદ માટે?

**દાદાશ્રી :** જેટલું બને એટલું દાદાની પાસે જીવન કાઢવું એ જ ગરજ, બીજી કોઈ ગરજ

નહીં. રાત-દહાડો, ગમે ત્યાં પણ દાદાની પાસે ને પાસે રહેવું. એમની વીસીનીટીમાં(દ્રષ્ટિ પડે એમ) રહેવું.

જ્ઞાનીને તો જો જો જ કરવાના છે, જ્ઞાનીના તો માત્ર દર્શન જ કરવાના છે. તેમના દર્શન માત્રથી જ છુટકારો થાય તેમ છે, પણ આ કાળમાં મનુષ્યોને દર્શન કરવાની શક્તિ જ નથી એટલે અમારે જ્ઞાન આપવું પડે છે. જ્ઞાની પુરુષના દર્શન માત્રથી તો સર્વસ્વ પ્રાપ્ત થાય તેમ છે.

## જ્ઞાની હાજરીમાં વર્તે આનંદ

**પ્રશ્નકર્તા :** જેણે ખાલી દાદાના દર્શન જ કર્યા હોય અને જ્ઞાન ના લીધું હોય, એનું પછી શું થાય ?

**દાદાશ્રી :** તો ફરી કોઈ બીજા જ્ઞાની મળી આવે. આ દર્શન કર્યા હોય તો એને મળે. વખતે કોઈને જ્ઞાન ના આપ્યું હોય ને અહીં દરરોજ બેસી રહે તોય તેનો પંદર અવતારે મોક્ષ થાય. જ્ઞાન તો બધાને ના સમજણ પડે પણ ખાલી દર્શનથી જ બધો ફેરફાર થઈ જાય.

મારું જ્ઞાન મળે કે ના મળે તેનો વાંધો નહીં, પણ એનો સંસાર રૂપાળો થઈ જાય. એના પાપ ધોવાવા માંડ્યા. જ્ઞાની પુરુષના દર્શન કરતા જ તાપ લાગે દોષોને. અત્યારે જુઓ ને, મહીં આનંદ વર્ત્યો ને મહીં ? થયો'તો આનંદ ?

**પ્રશ્નકર્તા :** હં...

**'' જે કોઈ અમને દર્શનભાવે (આત્મભાવે) એક ફેરો દર્શન કરી જશે ને, એને જો દુઃખ ના જાય તો આ દાદો ન્હોય.''**

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષ હોય ક્યાંથી ? દસ લાખ વર્ષે દેખાય એવી આ અજાયબી ! એ કંઈથી ભેગા થાય ?

'જ્ઞાની પુરુષ' શલ્ય રહિત હોય. પોતે પ્રસન્ન ચિત્તવાળા હોવાથી સામાને એ પ્રસન્નચિત્તના દર્શન કરવાથી જ એને આનંદ પ્રગટે. 'જ્ઞાની'ના દર્શન માત્રથી અનેક અવતારોના પાપો ભસ્મીભૂત થઈ જાય!

## દુઃખ ના જાય તો, આ દાદો ન્હોય

**પ્રશ્નકર્તા :** પણ એ પહેલા જે પાપ કર્મો કરેલા હોય, એનું રૂપક તો આવે જ ને આ જ્યારે ત્યારે..

**દાદાશ્રી :** પાપ કર્મો કર્યા ને, તેથી તો મહીં આગળ યાદ નહોતું આવતું કશુંય. પુસ્તકમાંથી જાણી લાવીએ તોય પાછું ભૂલી જવાય. શું થાય ? જાગૃતિ રહેતી નથી. એ પાપ કર્મો કૈડતા'તા આ. ચિંતા કોણ કરાવતું હતું, પાપના કર્મો. તે ચિંતા બંધ થઈ ને, તે પાપ કર્મને ભસ્મીભૂત કર્યા. એટલે કૃષ્ણ ભગવાને કહ્યું છે ગીતામાં, 'જ્ઞાની પુરુષ ગોટો વાળીને નાશ કરી શકે પાપો.' અને 'જ્ઞાની એ જ મારો આત્મા છે એટલે હું જ છું', કહે છે. એટલે આ સમજણ પડે તો નિવેડો આવે, નહીં તો નિવેડો આવે ?

**પ્રશ્નકર્તા :** જો કર્મ ને એનું પરિણામ નિશ્ચિત હોય તો એ કરેલા પાપો જ્ઞાની પુરુષના દર્શનથી ભસ્મીભૂત કઈ રીતે થાય ? જ્ઞાની પુરુષના દર્શન સવિશેષ કરીને કેવી રીતે ક્રિયા કરતા હશે ?

**દાદાશ્રી :** આ દર્શન કરવાથી મન સારું થાય, મન મજબૂત થાય, વાણી સારી થાય, વિચાર સારા થાય. તે ઘડીએ બધા વિચારો એકદમ શુભ વિચારો ફેરફારમાં આવી જાય

જોતાંની સાથે જ. એમના વાતાવરણથી અસર થાય. તે ઘડીએ પેલા જે પરમાણુ હજુ ફળ આપવા તૈયાર થયા નથી, ફળ આપવા માટે પાત્ર થવાના છે, એ ઊડી જાય હડહડાટ. ફળ આપવા જે તૈયાર થયેલા હોય, એમાં કશો ફેરફાર ના થાય. હા, પણ હળવા થઈ જાય એ.

**પ્રશ્નકર્તા :** સૂળીનો ઘા સોયે સરે એ રીતે.

**દાદાશ્રી :** ભોગવવામાં બહુ ફેરફાર પડી જાય. દાદાના દર્શન કર્યા પછી દુઃખ ના જતું હોય તો દાદા જ ન્હોય. અમે એક માણસને કહ્યું'તું કે 'ભઈ, જે કોઈ અમને દર્શનભાવે (આત્મભાવે) એક ફેરો દર્શન કરી જશે ને, એને જો દુઃખ ના જાય તો આ દાદો ન્હોય.' એનું દુઃખ જવું જોઈએ, હા...

## જ્ઞાની પુરુષના પરમાણુને અડતા જ ફેરફાર

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાની પુરુષના શરણે આવવાથી પાપ નાશ થાય છે, એનું લોજિકલી (તાર્કિક રીતે) સમજાવો કે કઈ રીતે પાપ નાશ થાય છે ?

**દાદાશ્રી :** આ કોલ્ડ સ્ટોરેજ હોય છે ને, તે ઉનાળાના દહાડે ખૂબ ધોમધખતો તાપ હોય પણ કોલ્ડ સ્ટોરેજમાં પેસીએ તો આપણને શું થાય ? તાપનો નાશ થઈ જાય કે ના થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** થઈ જાય.

**દાદાશ્રી :** ત્યારે તમે પૂછો કે તાપ કેવી રીતે નાશ થયો ? તમે પોતે જ અનુભવોને શાથી થયો તે ! કોલ્ડ સ્ટોરેજમાં પેઠા એટલે તાપનો નાશ, આ ધોમધખતો તાપ હતો પણ મહીં પેઠા એટલે તાપનો નાશ થઈ ગયો ને? કોણે કર્યો? સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. હું કરતો નથી આ પાપનો નાશ. સ્વાભાવિક એમને જોવાથી જ, જ્ઞાની પુરુષના દર્શન કરવાથી. એમાં દર્શન કર્યા ક્યારે કહેવાય ? કે મહીં કંઈક શ્રદ્ધાપૂર્વક, 'આ સાચું કહે છે. આ કહે છે, એમાં એકાદ વાક્યેય સાચું છે' એટલી જો શ્રદ્ધા ઉત્પન્ન થાય તોય કહે છે કે એને ફળ મળે. પણ મનમાં એમ લાગે કે આમાં એકુંય સાચી વાત નથી, તો ફળ ના મળે.

**પ્રશ્નકર્તા :** આમાં એવું છે કે એરકંડિશનમાં જાય એટલે ગરમી ઓછી થઈ જાય એ તો એક વૈજ્ઞાનિક વસ્તુ છે, આમાં શું વિજ્ઞાન છે ?

**દાદાશ્રી :** આ અમારો હાથ અડતાની સાથે તો શુંનું શુંય ફેરફાર થઈ જાય એનામાં, ખાલી હાથ જ અડે તેમાં. તે કેટલાક લોકોને માથે હાથ મૂકે છે, ને તે પછી આવીને મને કહે છે કે ત્રણ દહાડા સુધી મારે સમાધિ જ રહી. જ્ઞાની પુરુષના એક-એક પરમાણુ કેવા હોય ? જેમના ચરણમાં પ્રત્યક્ષ મોક્ષ હોય. પ્રત્યક્ષ મોક્ષ એમના ચરણમાં કેમ ? ત્યારે કહે, આ જગતમાં કોઈના ચરણ પકડાય નહીં. આ અહંકારીના ચરણ પકડીએ તો એનો અહંકાર વધે. જેમનામાં અહંકાર વધે નહીં એવા જે ચરણ હોય, તો એમને ચરણને નમસ્કાર કરવા. તો આપણો નિવેડો આવી જાય. એટલે જ્ઞાની પુરુષને અડવાથી બધા પાપો ભસ્મીભૂત થઈ જાય.

એક જ અકષાયી માણસના દર્શન કરવામાં આવે તો એમ ને એમ પાપ ધોવાઈ જાય ! 'જ્ઞાની પુરુષ' સિવાય અકષાયી માણસ હોય નહીં. એક ફેર કષાય રહિત 'જ્ઞાની પુરુષ'ના દર્શન થાય ત્યારથી મોક્ષની શરૂઆત થઈ ગઈ. કષાય રહિત કોને કહેવાય ? કષાય હતો નહીં, છે નહિ ને થશે નહીં એવી સ્થિતિ થાય તેને. એટલે 'એમને' 'પરપરિણતિ' જ ના હોય. ત્યાં 'દર્શન' કરે તો કલ્યાણ થઈ જાય !

## સમે સઘળા પરિણામ જ્ઞાની સમીપે

**પ્રશ્નકર્તા :** ગમે એવા પરિણામો ઊભા થયા હોય, પણ બહારથી અંદર આવે અને દાદાના દર્શન કરે, તો એ દર્શનથી બધા પરિણામ સમી જાય. એનું શું રહસ્ય ?

**દાદાશ્રી :** અજાયબ દર્શન છે ને આ ! એવું છે ને, અહીં આગળ બરફ મૂક્યો હોય, તે ખૂબ ઠંડો પવન આવે. એટલે આપણે કોઈને કહીએ કે 'જુઓ ને, બહાર પવન કેમનો છે ? બરફ જેવો થઈ ગયો છે ?' ત્યારે કહે, 'ના, બહાર તો પવન એટલો બધો ઠંડો નથી.' ત્યારે આપણે સમજીએ કે અહીં બરફ મૂકેલો હશે. બરફ આટલી અસર કરે છે, તો જ્ઞાની પુરુષ તો શું અસર કરે ? બરફની અસરો આટલી બધી હોય છે, તો જ્ઞાની પુરુષની, જ્યાં આગળ વસ્યા તે જગ્યા ને આજુબાજુનું વાતાવરણ... !

**પ્રશ્નકર્તા :** જાગૃતિમાં જ આખો ફેરફાર થઈ જાય, એકદમ વધી જાય.

**દાદાશ્રી :** હા, બધો ફેરફાર થઈ જાય.

**પ્રશ્નકર્તા :** અંદર આમ સ્થિરતાય બહુ ઊંચી ઊભી થાય.

**દાદાશ્રી :** હા, સ્થિરતાય જબરજસ્ત રહે. એટલે ઊંચું વાતાવરણ કહેવાય. જ્ઞાની પુરુષ એટલે વાત જ ક્યાં હોય ? એને સમજણ ના હોય ત્યારે એમ ને એમ તે અણસમજણમાં જતું રહે બધું. એને અસર તો થાય જ, પણ આ શેની અસર છે એની ખબર પડે નહીં. એવી રીતે માણસોને સહુ સહુની સમજણપૂર્વક અસર થાય.

**પ્રશ્નકર્તા :** એટલે આ જે પ્રગટ સ્વરૂપ થયું છે, તે સામાની સમજણ પ્રમાણે એને લાભ મળે એવું કહો છો ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** તો જેમ બરફ, એને સમજણ હોય કે ના હોય પણ ઠંડક આપ્યા વગર રહે નહીં.

**દાદાશ્રી :** હા, ઠંડક આપે પણ તે એમ જ જાણે કે આ વાતાવરણથી છે, બીજી કંઈ સમજણ પડે નહીં. એને પોતાને કરેક્ટ (ખરેખર)



ક્યાંથી આવે છે ઠંડક એ ના સમજણ પડે. એટલી બધી શક્તિ ના હોય માણસને. એ તો જે તપાસ કરવા આવ્યો હોય અને પરીક્ષા શક્તિ હોય તો તેની હોય. બાકી માણસનું ગજું નહીં.

## ઓળખાણ પડતા બેડો પાર

**પ્રશ્નકર્તા :** આપના દર્શન કરવા આવે છે તે જ્ઞાનીના દર્શન કરે છે કે જ્ઞાનીના જ્ઞાનના કરે છે ?

**દાદાશ્રી :** એ જ્ઞાની ને જ્ઞાનને બેઉને

કરે છે. બેઉ ના કરે તો અધૂરું રહે. જ્ઞાનીના દર્શન કરે તેની જરૂર અને જ્ઞાનના દર્શન ક્યારે થાય ? જ્ઞાનીના દર્શન પહેલા કરે, ત્યાર પછી જ્ઞાનના દર્શન થાય. એ વિવેક છે, વિનય છે, એટલો વિનય જોઈએ જોડે. ભાન સહિત જુઓ તો તમારો ઉકેલ આવશે, નહીં તો કલેક્ટર જુઓ તો કલેક્ટર જેવા થશો. જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે 'જ્ઞાની' ને ઓળખ, બીજો કોઈ રસ્તો નથી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીને ઓળખવા એ જ મોટી વાત છે, એમ કહેવું છે ને આપનું ?

**દાદાશ્રી :** હા, એ જ મોટી વાત છે. બહુ મોટી વાત ! ઓળખીને બેડા પાર થઈ જાય ! પણ હવે ઓળખાણ ના પડે તો તમારા જેવા કહે ને આને કે 'ભઈ, ઓળખાણ કરી લે ને દર્શન કરજે બરોબર', એટલે એનું ગાડું ચાલે.

આ તમારો કંઈક નિશ્ચય હશે તેથી આ જ્ઞાની પુરુષ મળ્યા, નહીં તો જ્ઞાની પુરુષના દર્શન દુર્લભ, દુર્લભ, સો વખત દુર્લભ કૃપાળુદેવે કહ્યું છે. 'જે સારા કાળમાં પણ દુર્લભ તે આ કાળમાં સુલભ કેમ કરીને થાય' કહે છે. આ તો કંઈક સાચી આરાધના કરી તેથી, નહીં તો જ્ઞાની પુરુષ ભેગા થતા હશે? કૃપાળુદેવે શું કહ્યું છે જ્ઞાની પુરુષ તો દેહધારી પરમાત્મા જ છે.



**" એક જ અકષાયી માણસના દર્શન કરવામાં આવે તો એમ ને એમ પાપ ધોવાઈ જાય ! 'જ્ઞાની પુરુષ' સિવાય અકષાયી માણસ હોય નહીં."**

અત્યારે ફરી મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. તે આ જમાનામાં તમે મને ભેગા થયા એ જ મોટી અજાયબી છે ! કોટિ જન્મોની, કેટલી મોટી ગજબની પુણ્યૈ હોય ત્યારે ભેગા થાય મને. નહીં તો આ દાદાના દર્શન ના થાય, જેની મહીં આખા બ્રહ્માંડનો ભગવાન ફુલ્લી (સંપૂર્ણ) પ્રગટ થઈ ગયો છે ! જે માગે એ આપવા તૈયાર છે. તે ભેગા જ ના થાય તમને. આ તો તમને કયા કારણથી ભેગા થયા ? એય તમારી પુણ્યૈ મોટી, જબરજસ્ત, નહીં ?

## દર્શન માત્રથી અભ્યુદય-આનુષંગિક ફળ

કવિરાજે ગાયું છે :

'સત્સંગ છે પુણ્યૈ સંચાલિત, ચાહું અભ્યુદય-આનુષંગિક.'

'જ્ઞાની પુરુષ'ને મળે ત્યારથી બે ફળ મળે : એક, 'અભ્યુદય' એટલે સંસારનો અભ્યુદય થતો જાય, સંસારફળ મળે અને બીજું, 'આનુષંગિક' એટલે મોક્ષફળ મળે ! બંને ફળ સાથે મળે. જો બંને ફળ સાથે ના મળે તો તે 'જ્ઞાની પુરુષ' નથી. આ તો પાર વગરના ઓવરડ્રાફ્ટ છે તેથી દેખાતું નથી. આ સત્સંગ કરો છો માટે એ ઓવરડ્રાફ્ટ પૂરા થવાના જ.

અહીં મોક્ષફળ એકલું ના હોય, એમ હોય તો તો એક લૂગડુંય પહેરવા ના મળે. પણ ના, અહીં મોક્ષફળ અને સંસારફળ બન્ને સાથે હોય.

રાજાને ત્યાં નોકરી નક્કી થાય અને રાજાને ત્યાં મળવા જઈએ તો દૃષ્ટિફળ મળે. નોકરીનો પગાર મળે એ સેવાફળ. સેવાફળથી તો રાજાના ૨૫૦ રૂપિયા મળે ને, રાજાને વંદીને આવ્યો તેથી તો દૃષ્ટિફળ મળે ! દૃષ્ટિફળ એટલે રાજાની દૃષ્ટિ પડે અને ભાઈને પૂછે કે 'તમે ક્યાં રહો છો ?' તે જાણ્યા પછી એને સારી જગ્યા રહેવા મળે, તે દૃષ્ટિફળ. એક રાજાની દૃષ્ટિથી આવું ફળ મળે છે ત્યારે 'જ્ઞાની પુરુષ'ની દૃષ્ટિથી શું ના મળે ? રાજા તો ઊણો છે, એને તો રાજ વધારવાની લાલચ છે; જ્યારે આ તો 'જ્ઞાની પુરુષ' કે જે સંપૂર્ણ નિરીચ્છક દશામાં વર્તે છે ! અને તેમની દૃષ્ટિનું ફળ તો કેવું હોય? અહીં સત્સંગમાં આવ્યો, એટલે અહીંથી એ દૃષ્ટિફળ અવશ્ય લઈ જાય.

જો વીતરાગ ભગવાનના દર્શન કરતાં આવડે તો, ભલેને એ મૂર્તિ છે, છતાં અભ્યુદય અને આનુષંગિક ફળ મળે ! પણ એ દર્શન કરવાનું તો 'જ્ઞાની પુરુષ' સમજાવે તો આવડે, નહીં તો કોઈને આવડે નહીં ને? 'જ્ઞાની પુરુષ'ના દર્શન માટે તો કોટિ જન્મોની પુણ્યૈનો ચેક વટાવવો પડે. હજારો વર્ષે 'જ્ઞાની પુરુષ' પ્રગટ થાય, અને તેમાંય આ તો અક્રમ જ્ઞાની; તે કશા જ જપ નહીં, તપ નહીં ને વગર મહેનતે મોક્ષ ! 'જ્ઞાની પુરુષ' પાસે દૃષ્ટિફળ મળે અને એનાથી મોક્ષફળ મળે.

'જ્ઞાની પુરુષ'ના દર્શન કર્યા તેથી તો ઊંચામાં ઊંચા અભ્યુદય અને આનુષંગિક ફળ મળે છે અને તેથી તો શાંતિ ઊંચામાં ઊંચી રહે છે ! સંસારનું વિઘ્ન ના નડે અને મોક્ષનું કામ થાય, બંનેય સાથે જ રહે.

વ્યવસ્થિતનો નિયમ છે, તે છતાંય મારા દર્શન કરી જશે તોય તે આવતા વિઘ્નો હળવાં થઈ જશે. મારા દર્શન માત્રથી બધા જ અંતરાયો તૂટી જાય.

## અભેદ દર્શને ઓગાળે અહંકાર-આડાઈ

જ્ઞાની પુરુષના દર્શન કરો ત્યાંથી આત્મા પ્રાપ્ત થવાની શરૂઆત થઈ ગઈ. કેવી ? ખાલી દર્શન એક કરો તો. કવિ શું કહે છે, 'એક વખતે હાથ જોડીને વંદશો તોય બેડા પાર થશે. સાષ્ટાંગ નમસ્કાર નહીં, હાથ જોડીને વંદશો તોય બેડા પાર થશે.'

જ્ઞાની પુરુષને હાથ જોડ્યા એનો અર્થ એ કે વ્યવહાર અહંકાર શુદ્ધ કર્યો. અને અંગુઠે મસ્તક અડાડીને સાચા દર્શન કર્યાં, એનો અર્થ અહંકાર અર્પણ કર્યો કહેવાય. જેટલો અહંકાર અર્પણ થાય તેટલું કામ નીકળી જાય, દર્શનમાત્રથી.

**પ્રશ્નકર્તા :** આપના દર્શનમાત્રથી જ અહંકાર નીકળી જાય ?

**દાદાશ્રી :** હા, દર્શનમાત્રથી જતો રહે એવું છે. આ દર્શન જ ના હોય. આ તો કોણ છે ? લઘુતમ પુરુષ. લઘુતમ પુરુષના દર્શન ક્યાંથી હોય ? બધા ગુરુ હોય. અને ગુરુતમ સુધી ગયેલા હોય. લઘુતમના દર્શન થાય કોઈ દહાડોય ? લઘુતમ દર્શન થાય ? કેમ બોલતા નથી ? વર્લ્ડમાં એક માણસ ખોળી લાવો જે લઘુતમ હોય. અમે લઘુતમ પુરુષ છીએ. બધા જીવો અમારા કરતા મોટા છે. અને આ બધાના, પચાસ હજાર માણસ હશેને, એ બધાના શિષ્ય છીએ અમે.

તમે અહીં આવીને દર્શન કરશો ને, તો દર્શનમાં તમને મારી પાસે જે છે. એ બધી વસ્તુ મળશે. એમ ને એમ, ખાલી દર્શનથી જ મળશે. તમારે બીજું કશું કરવાનું નહીં, ખાલી દર્શનથી જ મળશે પણ તે કેવું, અભેદદર્શન હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદાના દર્શન પછી આ આડાઈ ને બધું જતું રહે છે ?

**દાદાશ્રી :** જતું રહે છે, તે એમને ખબર નથી. એ ખબર હોય તો તો આવ્યા વગર રહે નહીં ને ! ખાલી દર્શનથી આડાઈઓ જતી રહે. અહીં પાસે બેસો ને તો પાંસરો થઈ જાય. તોય બહાર જઈને દર ખોતર ખોતર કર્યા કરે. મૂઆ, અહીં બેસ ને, બહાર શું કરવા દરા ખોતર ખોતર કરે છે ? ભાન જ નહીં ત્યાં આગળ. એટલે લાભ ઉઠાવી લેજો હવે.

## જ્ઞાની પુરુષ તો છેલ્લું સ્ટેશન

જ્ઞાની પુરુષના દર્શન કરવાથી આર્તધ્યાન-રૌદ્રધ્યાન જવું જોઈએ, રહેવું ના જોઈએ. એક આટલું જરાક પણ રહે તો જ્ઞાની પુરુષના દર્શન જ કર્યા નથી એણે. જ્ઞાની પુરુષ તો જો કદી આવ્યા તો આવું કંઈ મહેનત કરાવવા માટે નથી કે તું તપ કર કે જપ કર, કે એ બધું. એ તો જેની પ્રકૃતિમાં હોય, તેને તપનું ફાવતું હોય તો તપ કરે, જપ કરતો હોય તો જપ કરે. પણ જ્ઞાની પુરુષ નથી મળ્યા ત્યાં સુધી એ બધા સ્ટેશનો. અને જ્ઞાની પુરુષ તો છેલ્લું, બોમ્બે સેન્ટ્રલ. પછી આગળ ગાડી-બાડી ના જાય, બંધ. એટલે બધું જ કામ થઈ જાય આપણે. જે માગે એ, તમે કલ્પના કરો એ બધું થાય. કારણ કે એ નિરંતર નિર્વિકલ્પ સમાધિમાં રહે છે. પછી હવે ત્યાં આપણે બીજું શું હવે ? તમે જે માગો એ મળે એવી વસ્તુ છે. ફરી ચિંતા ના થાય, ઉપાધિ ના થાય, દુઃખ ના થાય અને સ્વતંત્ર થાવ, કાયમ ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર), જ્યારે આ તો ડિપેન્ડન્ટ ટૂ ઓલ (બધાને આશ્રિત).

## ખાલી દર્શનથી જ ફેરફાર

અમે તમને અહીં એકલો નિર્લેપ આત્મા જ નથી આપ્યો, નિર્વિકલ્પ સમાધિ પણ આપી છે. ક્રમિક માર્ગમાં ઠેઠ સર્વાંગ શુદ્ધ આત્મા થાય ત્યારે નિર્વિકલ્પ સમાધિ થાય.

જેને જોતાં જ સમાધિ થાય એ દર્શનને 'દર્શન' કહેવાય, જોતાં જ સમાધિ થાય એ દર્શન સાચા. આ અમારા બધા દર્શન શાથી કર્યા કરે છે ? આ દેખાય છે એ જ બધાને સમાધિ કરાવ્યા કરે, એ સમાધિ તો કેવી છે ? એને તમે કાઢો તોય જાય નહીં ! એ સમાધિને કહીએ કે 'હે સમાધિ, થોડા દિવસ પિયર તો જઈ આવ.' તો એ કહેશે, 'ના, આ સાસરી વગર મને નહીં ફાવે.' સમાધિને કહીએ કે, 'આ દેહને જરા ડખો કરાવવો છે, માટે તું જાને!' તો એ કહેશે કે 'પહેલાં કહેવું હતું ને ! હવે એ ના બને.' હવે તો સહજ સમાધિ કાઢે તોય ના જાય. હવે તો 'ખાય-પીએ, ઊઠે-બેસે, તેને જુએ જ્ઞાનાકાર.'

અને છેલ્લી વખતે (અંતિમ સમયે) કોઈ જ્ઞાની પુરુષ મળ્યા ને તેના દર્શન થયા તો દેવગતિ બંધાય જાય. ખાલી દર્શનથી જ એટલો બધો ફેરફાર થાય ! જ્ઞાની પુરુષના દર્શનથી તો બધો બહુ ફેરફાર, મહીં વિચારો-બિચારો

**" 'જ્ઞાની પુરુષ'ના દર્શન કર્યા તેથી તો ઊંચામાં ઊંચા અભ્યુદય અને આનુષંગિક ફળ મળે છે અને તેથી તો શાંતિ ઊંચામાં ઊંચી રહે છે ! "**

**‘‘ જેને જોતાં જ સમાધિ થાય એ દર્શનને ‘દર્શન’ કહેવાય, જોતાં જ સમાધિ થાય એ દર્શન સાચા. આ અમારા બધા દર્શન શાથી કર્યા કરે છે ? ’’**

બધું ફેરફાર થઈ જાય. જો વિચારો અડતાલીસ મિનિટ ફેરફાર થયા ને, ખાલી એ દર્શનથી, તો થઈ ગયું કામ !

## અમારી પાસે શીખવાનું શું ?

અમારી પાસે શીખવાનું શું છે ? પાસે શા હારુ બેસાડી રાખું છું? કે એમનું જીવન જુઓ, એમની આંખો જુઓ. આંખોમાં શું રહે છે ? સાપોલીયા રમે છે ? ના, સાપોલીયા નથી રમતા. તે શું રમે છે ? વીતરાગતા રહે છે એ શીખો. વાણી દિલ ઠરે એવી હોય. એટલે આ બધું જોડે બેસ બેસ કરવાથી થઈ જાય. આ બધું જોઈને શીખવાનું છે. આ હું બોલું છું ને, તે જોઈને શીખવાનું છે. બોલતાય તમને મારા જેવું જ આવડી જાય પછી. એક ફેરો જોયું, અમે આ સ્યાદ્વાદ વાણી બોલીએ. એ ભણવાથી ના થાય. ત્યારે લોક શું કહે છે ? ‘તમે કરી બતાવો.’ એક ફેરો આપણે એને કહીએ, ‘લે ટેબલ પર બેસીને આવી રીતે જમજે.’ તે એક ફેરો દેખાડવું પડે. પછી એને ફરી શીખવાડવા ના જવું પડે અને ચોપડીઓમાંથી શીખવાડ્યું હોય, ચોપડીઓમાંથી પ્લાનિંગ (આયોજન) કર્યું હોય ને એ શીખવાડ્યું હોય તો ? ક્યારે શીખી રહે ? આ ગજવું કાપનારાની પાસે મૂક્યો હોય, છ મહિનામાં ઓલરાઈટ (બરાબર) કરી આપે, એક્સ્પર્ટ (નિષ્ણાંત) ! નહીં તો વીસ વર્ષ કોલેજોમાં જાય તોય પણ ના શીખે. એમના પ્રોફેસરને જ આવડે નહીં ત્યાં આગળ !

## વીતરાગતાના દર્શન

**પ્રશ્નકર્તા :** વીતરાગ કોણ હોઈ શકે ને વીતરાગની કેવી દશા હોય એના વર્ણનો શાસ્ત્રોમાં વાંચેલા, પણ દેહધારી વીતરાગ જોવા નહીં મળેલા.

**દાદાશ્રી :** ના મળે, વીતરાગના તો દર્શન કરવાના ના મળે. આ કાળમાં તો હું નાપાસ થયેલો, એટલે આ બધાને દર્શન કરવાના મળ્યા. નહીં તો આ કેવળજ્ઞાનની થોડુંક નજીક પહોંચેલા, એમના દર્શન કરવાનાય ના મળે. આ તો દર્શન કરવાના મળ્યા તો વીતરાગતાનું વર્ણન સમજી શકે કે વીતરાગતા કેવી હોય ! અને અમે તેવું રહીએ.

જુઓ ને, કોઈની જોડે મતભેદ કે કશી ભાંજગડ છે અમારે ? સામો અવળું બોલે તોય કશી ભાંજગડ છે ? અમને આવડે એની જોડે કેવી રીતે ‘ડીલિંગ’ (વ્યવહાર) કરવું તે ! વીતરાગ રહેવું અને ‘ડીલિંગ’ કરવું, બેઉ સાથે રાખવું, ‘ડીલિંગ’ પુદ્ગલ કરે અને અમારે વીતરાગ રહેવાનું ! એટલે વીતરાગતા જોવાની મળી આ કાળમાં, જો સમજે તો ! ઊંડા ઊતરે ને, તો ‘પ્યોર’ (ચોખ્ખી) વીતરાગતા જોવાની મળે. ને અમારે જરાય નોંધ નહીં રાખવાની. આપણે થઈ ગયું એ પછી નોંધ નહીં રાખવાની, નોંધપોથી જ કાઢી નાખેલી.

**પ્રશ્નકર્તા :** વખાણ થાય, ફૂલ ચઢાવે તેનીયે નોંધ નહીં ને પથ્થર મારે તેનીયે નોંધ નહીં ?

**દાદાશ્રી :** હા, નહીં તો નોંધપોથી ભેગી થતી થતી પરિણામ અવળું આવે બધું, ને એના તરફ દૃષ્ટિ બદલાઈ જાય તમારી. તમને એ જુએ ને, તો એને તમારી દૃષ્ટિ ફેરફારવાળી લાગે. નોંધ થઈ તેની સામાને ખબર ના પડે ? પણ એ

અમારી આંખમાં વીતરાગતા દેખે એટલે તરત સમજી જાય કે એ જ છે 'દાદા', હતા તેના તે જ ! અમારી આંખમાં વીતરાગતા દેખાય. જેમ ખરાબ ચારિત્રનો માણસ હોય, એ એની આંખ ઉપરથી ઓળખાય, લોભિયો હોય તોય એની આંખ ઉપરથી ઓળખાય, એવી રીતે વીતરાગ પણ એમની આંખ ઉપરથી ઓળખાય. એમની વીતરાગતા એ જ મુક્તિ છે ! આ તમારા બધામાં મને તો મહીં 'હું જ છું' એવું લાગે



છે ! 'જ્ઞાની પુરુષ'ના દર્શન કરતાં આવડે તોય મુક્તિસુખવર્તે.

**પ્રશ્નકર્તા :** દર્શન કરવા એટલે ભાવથી કરવા તે ?

**દાદાશ્રી :** ના, ભાવ નહીં. ભાવ તો હોય જ તમને, પણ દર્શન કરતાં આવડવા જોઈએ. 'જ્ઞાની પુરુષ'ના એક્ઝેક્ટ (યથાર્થ) દર્શન કરતાં આવડવા જોઈએ. અંતરાય ના હોય તો એવા દર્શન થાય અને એ દર્શન કર્યા ત્યારથી જ મુક્તિસુખ વર્ત્યા કરે !

## બુદ્ધિ દર્શન પર આંતરો મૂકે

આ આપણા બધાને જે દર્શન થાય ને, તે આપણા જ્ઞાન આપેલા માણસોને દર્શન થાય અને જ્ઞાન ના આપેલા એવા જૈનોને દર્શન થાય, વૈષ્ણવોને દર્શન થાય. તો જ્ઞાન ના આપેલા જૈન હોય તેના કરતા વૈષ્ણવ હોય તેને દર્શન સારું થાય. વૈષ્ણવ કરતા એથી નીચેની ક્વૉલિટિના ધર્મવાળા હોય, તે લોકોને સારા થાય. અને સાવ ગરીબ છે ને, કાલે પેલી બે મજૂર બઈ આવી'તી ને, એમને દર્શન અજાયબ થાય. કેવું ? અજાયબ એટલે તાદ્દશ્ય ભગવાન મળ્યા એવા દર્શન થાય એમને. એનું કારણ છે કે એની પોતાની બુદ્ધિ ના હોય એટલે બુદ્ધિ વપરાય નહીં ને ! બુદ્ધિ આવરણ ના કરે. એ તો વીતરાગ એટલે વીતરાગ. તમે જોઈ હતી ને એ બે બઈઓ ?

**પ્રશ્નકર્તા :** જોઈ હતી ને, આનંદમાં આવી ગઈ હતી એકદમ.

**દાદાશ્રી :** હા, આનંદમાં પણ એમણે મને મોઢે કહ્યું. મેં કહ્યું, કે જ્યારે હવે અડચણ આવે એટલે દાદાને સંભારજે, યાદ કરજે. 'આખી જિંદગીનું પહોંચી ગયું', કહે છે. આખી જિંદગીના દર્શન મળી ગયા. જ્યારે અડચણ આવે ત્યારે દાદા હાજર થાય. અને આ બુદ્ધિશાળીઓને ના મળે, અંતરાય પડે.

**પ્રશ્નકર્તા :** એમના એટલા પુણ્યોદય કે આપ ગયા ત્યાં અને એમને દર્શન થઈ ગયા.

**દાદાશ્રી :** આ અમે બહારગામ જઈએ ને, તો હજારો માણસ દર્શન કરી જાય, તોય એ બાઈ જેટલા સુંદર દર્શન ના થાય, પણ

સામાન્ય ભાવે દર્શન આમ બધાના થઈ જાય. એ બઈઓ અસામાન્ય દર્શન કરી ગઈ ! અહીં આરતી કરી ને તરત જ બહાર નીકળ્યોને એટલે અસામાન્ય દર્શન થયા. આરતીમાં દર્શન કરી ગઈ હતી ને, એ થોડા દર્શન કર્યા એટલે આવરણ તૂટ્યું. એટલે અસામાન્ય દર્શન થઈ ગયા. તે ઘડીએ મોઢું-બોઢું, એના આચાર બધા કોઈએ જોઈ લીધા હતા ?

**પ્રશ્નકર્તા :** હા, એ એકદમ અંદરથી એમને જે આનંદ ઉત્પન્ન થયો.

**દાદાશ્રી :** હં, અંતરાય કરનારી બુદ્ધિ નહીં ને ! આમને તો બધાને અંતરાયવાળી બુદ્ધિ અને વધુ બુદ્ધિશાળી હોય તો તો હપૂચુ એને દર્શન સારા ના થાય. અમારા દર્શન એક જ હોય છે પણ એને ન સમજાય, એને એ બુદ્ધિ ડખો કરે.

## ચોખ્ખું હૃદય જોઈએ

બુદ્ધિ જ્યાં ઊભી કૂદાકૂદ કરતી હોય ને, એ દાદાના દર્શનેય ના થાય બરાબર. નહીં તો દાદાના પ્રત્યક્ષ વીતરાગ દર્શન છે, જો સમજણ પડે તો.

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ વીતરાગ દર્શન.

**દાદાશ્રી :** જેમ આંખમાં જોઈએ તો આપણે નથી કહેતા કે માણસ આંખનો ખરાબ છે, કંઈક દૃષ્ટિ ખરાબ છે એની. એવી રીતે આ બધી ખબર પડી જાય કે આ કઈ દૃષ્ટિ છે ? આ વીતરાગ દૃષ્ટિ એય ખબર પડે.

**પ્રશ્નકર્તા :** હા, દાદા વીતરાગ દૃષ્ટિય ખબર પડે. પેલા ભાઈ કહેતા'તા કે અલૌકિકના દર્શન થયા.

**દાદાશ્રી :** હા, અલૌકિકના. અને તે સમજણ પડે તો જ દેખાય. એટલે પછી એ મને કહે છે, 'અહીં બેસવાનો છું.' જ્યાં હું જઉં છું ને, ત્યાં એ દર્શન એવા કરે છે અલૌકિક, હું સમજી જઉં છું આ પદમાં ઓળખવું બહુ મુશ્કેલ છે, કોટ-ટોપીમાં. અહીં તો દૃષ્ટિ એ ઘાલવા જાય તોય પેસે નહીં ને! ભગવા પહેર્યા હોય તો તો દર્શન દેખાય. અને કોટ-ટોપીમાં સાચા દર્શન થઈ ગયા, તો કલ્યાણ જ થઈ ગયું ને ! એ ટેસ્ટેડ કહેવાય.



**પ્રશ્નકર્તા :** મૂળ વસ્તુના દર્શન કર્યા એ.

**દાદાશ્રી :** અલૌકિક વસ્તુના, જેના દર્શન ના થાય ક્યારેય પણ, તે દર્શન કર્યા ! પણ તે હાર્ટ કોરું જોઈએ, એ દર્શન માટે. તો અમારા રસ્તામાં પણ દર્શન કરે.

**પ્રશ્નકર્તા :** એ હાર્ટ કોરું એટલે શુક્લ અંતઃકરણ એનું હોય એ, દાદા ?

**દાદાશ્રી :** ચોખ્ખું, પ્યોરિટી. ઈમ્પ્યોર તો હોય, પણ બીજા બધાની ઈમ્પ્યોરિટી જેવું એટલું બધું ઈમ્પ્યોર ના હોય. પણ જોઈ શકે એ, દાદાના દર્શન કરી શકે. હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) દર્શન થાય એવું છે, પછી જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, એની તૈયારી હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** એની પોતાની તૈયારી હોવી જોઈએ. એનું અંતઃકરણ શુક્લ હોવું જોઈએ.

**દાદાશ્રી :** મહાત્માઓને તો દર્શન થાય છે, તે પછી મોટે મોટેથી 'અસીમ જય જયકાર' બોલ બોલ કરે છે તન્મયાકાર થઈને. કારણ કે એમને બુદ્ધિ આંતરે નહીં. બુદ્ધિ ડખો કરનારીને મહીં. ખરા દર્શન નથી થવા દેતી બુદ્ધિ. જો જ્ઞાનીને ઓળખ્યા હોય ને, તો પછી ઘેર સૂવાય ના જાય એ. હું ઓટલા આગળ પડી રહીશ, કહે. તમારા વાતાવરણમાં જ અહીં પડી રહીશ, પણ મને તમારી છત્રછાયામાં લો. એવી ઓળખાણ પડવી મુશ્કેલ ને ! એ વીતરાગતા જોવાની મુશ્કેલ ! જોતા આવડવી જોઈએ ને ?



## હાર્ટિલીને ઊંચા દર્શન થાય

**પ્રશ્નકર્તા :** દાદા, ઘણી વખત તમારા દર્શનથી એટલો બધો આનંદ થતો હોય છે કે રડવું આવી જાય છે, એનું શું કારણ ?

**દાદાશ્રી :** હર્ષાશ્રુ કહેવાય. દર્શનથી હર્ષના આંસુ આવે. પણ બુદ્ધિ કૂદાકૂદ કરતી હોય, ત્યાં સુધી માપ જડે નહીં.

જોને, બુદ્ધિ કૂદાકૂદ કરે છે તો અહીંયા આગળેય વિનય રહેતો નથી. હાર્ટિલી હોય એને ઊંચા દર્શન થાય અને બુદ્ધિ શાંત થઈ ગયેલી હોય ત્યારે દર્શન થાય. હૃદયગામી થયો હોય ત્યારે થાય. બુદ્ધિ શાંત ના થાય ત્યાં સુધી ધર્મ પામે જ નહીં. જ્યાં સુધી બુદ્ધિ સ્થિર ના થાય ત્યાં સુધી ધર્મ જ પામે નહીં. બુદ્ધિ સ્થિર થાય ત્યારે દાદાના દર્શન થાય પૂરેપૂરા. ત્યારે હૃદયગામી થાય, હાર્ટિલી થાય.

**પ્રશ્નકર્તા :** હૃદય સુધી પહોંચવા માટે તો પછી સત્સંગ અને દર્શન, એની જરૂરને ?

**દાદાશ્રી :** હા, દર્શન ને સત્સંગની જરૂર. આંખે દેખ્યું એ એક પ્રકારનું દર્શન, ને બીજું બુદ્ધિથી દર્શન થાય તે અને ત્રીજું આત્માનું દર્શન, આ ત્રણેય દર્શન થાય ત્યારે કામ થાય. દર્શન તો બહુ કામ કાઢી નાખે. જો સારી રીતે દર્શન કરેને તો બહુ કામ કાઢી નાખે. સત્સંગમાં તો પાછી મહીં બુદ્ધિને હક્ક મળી જાય, પણ દર્શનમાં તો બુદ્ધિનેયે હક્ક મળે નહીં.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિની વિશુદ્ધિની જરૂર છે કે બુદ્ધિની જ જરૂર નથી ?

**દાદાશ્રી :** વિશુદ્ધિ શું દવાથી કરશો ? એ તો જ્ઞાની પુરુષની પાસે જાય અને સાચા જ્ઞાની હોય તો આપણી બુદ્ધિ સમ્યક્ થાય.

**" આંખે દેખ્યું એ એક પ્રકારનું દર્શન, ને બીજું બુદ્ધિથી દર્શન થાય તે અને ત્રીજું આત્માનું દર્શન, આ ત્રણેય દર્શન થાય ત્યારે કામ થાય. "**

આ જે વિપરીત છે ને, તે સમ્યક્ થાય કે એ શુદ્ધિ થઈ કહેવાય. નહીં તો સમ્યક્ થાય નહીં, વિપરીત જ રહે.

## નથી સહેલી પ્રત્યક્ષની ઓળખ

જ્ઞાની મળે નહીં અને મળ્યા તો આપણું કલ્યાણ થઈ જાય ! બાકી જ્ઞાનીના દર્શન હોય નહીં. અને દર્શન થાય તો ભાઈ કાચો હોય ને, તો જ્ઞાની ઓળખાયે નહીં. ઓળખવું એ સહેલું નથી ને ? જો ઓળખવું સહેલું હોત તો ઝવેરીની જરૂર જ ના પડત ને ! હીરાની પોતાને ખબર પડે તો લઈ આવત ને ! ઓળખવાની શક્તિ ના હોય ને !

અબજો રૂપિયા આપો તોય જ્ઞાની પુરુષના દર્શન ના થાય, એ જ્ઞાની પુરુષ સામા આવીને દર્શન આપે છે તોય લોકોને સમજણ નથી પડતી. હવે શું થાય તે ? તેય બધા ભારે અંતરાય તેથી જ ને !

**પ્રશ્નકર્તા :** દાદા, જે તે સમયના જ્ઞાની પુરુષોને એમના સમયના બહુ ઓછા માણસો ઓળખી શક્યા છે.

**દાદાશ્રી :** ના ઓળખી શકે પણ..

**પ્રશ્નકર્તા :** બધાયની, એટલે કે એ મહંમદ સાહેબ હોય કે ઈશુ ભગવાન હોય કે મહાવીર ભગવાન હોય કે બુદ્ધ... પછી જ આ બધું ઊભું થયું છે.

**દાદાશ્રી :** ના, પણ આ તો મારી પાસે ચાલીસ હજાર મને ઓળખે એવા ભેગા થયા ને, તે તો આ રોકડું છે એટલે. નહિતર તો કોઈ આવત જ નહીં. આ તો રોકડું છે ને !

**પ્રશ્નકર્તા :** પછી પચાસ વરસ પછી ખબર પડત કે ઓહોહો ! આવા જ્ઞાની પુરુષ પ્રગટ થયા'તા એવું.

**દાદાશ્રી :** હા... હા. પછી પુસ્તકો વાંચશે ત્યારે ખબર પડશે.

## એના માટે પારખશક્તિ જોઈએ

કોઈ અવતારેય જ્ઞાનીના દર્શન થયા નથી કે જ્ઞાનીને ઓળખ્યા નથી, જો સામાને ઓળખાણ પડી એટલે કાચો રહે જ નહીં. ઓળખાણ પડવી જોઈએ કે આ જ્ઞાની વીસા કે દશા છે, અઢીયા છે કે પાંચિયા છે, એ ઓળખાણ પડવી જોઈએ. આમ વીસા કે દશા ઓળખાય પણ આ જ્ઞાની ના ઓળખાય. ઓળખાણ ના પડે તો લાભ ના થાય. એ ઓળખાણ પડવી જોઈએ એમને કે આ કોણ છે ! ઓળખ પડી ને, પચ્ચીસ અબજનો હીરો ઓળખ્યો તો પચ્ચીસ અબજનો ફાયદો થાય આપણને, પણ પચ્ચીસ અબજના હીરાને આપણે બસો, પાંચસે, હજારનો હશે એવું માનીએ, એટલે નુકસાન થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, આપના દર્શન થયા, જોયા ને તરત જ સાચા પુરુષ છે, એમ માની લીધું.

**દાદાશ્રી :** દર્શનથી જ ઓળખી કાઢ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, ઓળખી કાઢ્યું.

**દાદાશ્રી :** જો હૃદય સાચું હોય તો દર્શનથી જ ઓળખી જાય, આમ જોતાં સાથે જ ઓળખી જાય. જ્ઞાની પુરુષ ના ઓળખાય એવું હોતું હશે ? આ લુચ્ચા ચોર ઓળખાય

છે, આ બદમાશો ઓળખાય છે, આ ગજવા કાપે એવો છે એ ઓળખાય છે, તો જ્ઞાની ના ઓળખાય ?

**પ્રશ્નકર્તા :** મારા કાકાનું પણ એવું જ હતું. એમણે મને ટેલિફોન કરેલો કે મેં ઘણાનો પરિચય કર્યો છે, ઘણાને હું મળ્યો છું પણ આ પુરુષમાં મને કંઈક અદ્‌ભુત વસ્તુ દેખાય છે ! તમે આવીને દર્શન કરો. એટલે હું તે દિવસે ત્યાં આપના દર્શન કરવા આવ્યો.

**દાદાશ્રી :** એમણે કહેલું અદ્‌ભુત દેખાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, ત્યારે એ વખતે કહેલું.

**દાદાશ્રી :** જબરજસ્ત પારખશક્તિ છે, જુદી જાતના છે ! બાકી ધાર્મિક વર્ગેય અમને ના ઓળખે. એના મનમાં 'હું કંઈ જાણું છું' એ ભાન હોય, તેનું પડળ હોય. એટલે આ ઓળખાય નહીં. ફક્ત મજૂરો ઓળખી શકે અગર તો કોઈ ઊંચા હૃદયવાળા માણસો તે ઓળખી શકે. કાલે ન્હોતા આવ્યા પેલા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** શું કહેતા'તા એ ? કે આપના દર્શનથી મારું સર્વસ્વ થઈ ગયું ! કારણ કે એવું કો'ક ઓળખે, નહીં તો ના ઓળખી શકે. મજૂરો ઓળખી જાય, કારણ કે એમને લોભ નહીં, જાણ્યાની ભાંજગડ નહીં.

**પ્રશ્નકર્તા :** એ ઓળખી લે દાદાને, એ જ ચમત્કાર કહેવાય ને ?

**દાદાશ્રી :** ના, આપણે ચમત્કાર કહેવડાવવો નહીં. ચમત્કાર તો આ જ્ઞાનવિધિ વખતે જે એક કલાકમાં માણસની દૃષ્ટિ આખી ફરી જાય છે, ક્ષાયક સમકિત થાય છે, એના જેવો ગજબનો ચમત્કાર કોઈ કાળે થયો નથી એવો થાય છે, પણ એને આપણે ચમત્કાર નથી કહેવો. એ ડિવેલ્યુએશન (અવમૂલ્યાંકન) થઈ જાય, જો એને ચમત્કાર કહીએ તો. ચમત્કાર એટલે શું ? એની કોઈ વેલ્યુ (કિંમત) નહીં, એનું નામ ચમત્કાર. આ તો અમૂલ્ય ચીજ છે, એને ચમત્કાર કહીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** છતાં એ બાબત પ્રેસીઅસ (કિંમતી) કહેવાય ને ?

**દાદાશ્રી :** હા.

## જ્ઞાનીને કઈ દૃષ્ટિએ જોવા ?

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાની પુરુષના દર્શન કેવી રીતે કરવા ?

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષને તો... 'તમે કોણ છો એ તમે જાણી ગયા ને, કે 'આ' હું ન્હોય !'

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને તમે મને આ માનો, તો તમારી ભૂલ છે ને ?

**પ્રશ્નકર્તા :** ભૂલ છે.

**દાદાશ્રી :** તમે તમારી જાતને ના માનો ને મારી પર માનો, તો તમારી ભૂલ છે ને ? દાદા, કેમ હજુ ગળપણ ખાય છે ? આ આવું અહીં જુઓ એટલે તમે મને ઓળખતા જ નથી ને ! ના ઓળખ્યા કહેવાય ને ?

**" જો હૃદય સાચું હોય તો દર્શનથી જ ઓળખી જાય, આમ જોતાં સાથે જ ઓળખી જાય. જ્ઞાની પુરુષ ના ઓળખાય એવું હોતું હશે ? "**



**પ્રશ્નકર્તા :** ના જ ઓળખ્યા, દાદા.

**દાદાશ્રી :** તમે તમારી જાતને ઓળખતા થયા પણ મને ઓળખતા નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, એ ઓળખાણ થવી બહુ મુશ્કેલ છે.

**દાદાશ્રી :** મુશ્કેલ હોતું હશે આ દુનિયામાં ? કશું મુશ્કેલ હોતું હશે ? મુશ્કેલ તો આ બી.ઈ. એન્જિનિઅર થવું એ બહુ મુશ્કેલ છે. માથું તૂટી જાય એટલું મગજમાં પારો ભરવો પડે. આમાં શાનું મુશ્કેલ ? આ તો ખીચડી કરવા કરતાંય સહેલું !

**પ્રશ્નકર્તા :** પણ તે ઓળખાય કેવી રીતે ?

**દાદાશ્રી :** લોકોને પારખશક્તિ નથી ને ! એ લેશ્યા પરથી ઓળખાઈ જાય.

## જ્ઞાની પુરુષની લેશ્યાના દર્શન

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષની લેશ્યાથી આકર્ષણ ઉત્પન્ન થાય છે ?

**દાદાશ્રી :** લેશ્યાથી જ એને અજવાળું દેખાય અને દર્શન કરે એ બિચારો. એને પોતાને દેખાય, લેશ્યા જુએ એ. એ લેશ્યા ઉત્પન્ન થાય તો જ દર્શન કરે, નહીં તો કોઈ દર્શન કરે નહીં. એ લેશ્યા જુએ, આમ ધારીને જુએ, તો એને ખબર પડે કે આ લેશ્યા દેખાઈ. લેશ્યા ઓળખવી એ બહુ અઘરી વસ્તુ છે. પણ આ જ્ઞાની પુરુષની લેશ્યા લોકોને ઓળખાઈ જાય. એક જ ધારી હોય લેશ્યા, એટલે ઓળખાઈ જાય. અને ત્યાં એને ચોખ્ખા દર્શન થાય.

આ કાળમાં શુક્લ લેશ્યા ના હોય પણ આ તો 'અક્રમ' છે એટલે છે. તે આરતી કરીએ તે ઘડીએ અમારે શુક્લ લેશ્યા હોય. અમુક અમુક ટાઈમે હોય. આ અમારી ગુરુપૂર્ણિમા ઉજવી હોય ત્યારે આખો દહાડો શુક્લ લેશ્યા હોય.

નાના બાળકથી માંડીને ઠેઠ ઘરડા કાકા સુધી બધાને દર્શન થાય. પણ જો એ સ્થિરતા પકડીને પોતે મહીં સ્થિર હોય ને, તો લેશ્યા ઓળખાય. પોતે સ્થિર ના હોય તો લેશ્યા ના ઓળખાય. પોતાને મહીં આમ બાલચક્ર હાલ્યા કરતું હોય તો ના ઓળખાય. સ્થિર થાય તો ઓળખાય લેશ્યા. જ્ઞાની પુરુષની પદ્મ લેશ્યા આવી રહ્યા કરે. અને દર્શનથી જ મનમાં ધરાવો થઈ જાય, ધરપત થઈ જાય. કશું આપવું-લેવું ના પડે. સ્થિર થયે ઓળખાય.

## સાચા દર્શન કોને કહેવાય ?

**પ્રશ્નકર્તા :** તો દાદા, સાચા દર્શન કોને કહેવાય ? જોવાથી દર્શન ન થાય ?

**દાદાશ્રી :** દર્શન તો બીજા બધા કરતા'તા ને, એમ દર્શન કરતા'તા ને લોકો.

**પ્રશ્નકર્તા :** હા, લોકો આવીને પગે લાગી જતા'તા.

**દાદાશ્રી :** હા, એ પ્રેમથી. કો'કના કહેવાથી કરે તે થોડું દર્શન કહેવાય. પોતાની આંખથી મારી આંખ જોઈને કરી નાખે. કેટલાક એકદમ પડતું નાખે.. એનો કેવો ભાવ છે એ પ્રમાણે. દર્શન તો આમ જોવાથી દર્શન ના કહેવાય, મહીં ઉછાળો આવે.

અમારા દર્શન એટલે આમ અમને જુઓ તે દર્શન ના કહેવાય. અમારા દર્શન એટલે અમારી યથાર્થ કિંમત સમજો તે. આમ એક અબજનો હીરો હોય, પણ જ્યાં સુધી એની કિંમત ના સમજાય તો શો ફાયદો ? એ તો કાચ ને હીરામાં ફેર ના સમજે ને ?

અમેરિકામાં દાદાના દર્શન કરવા એક માણસ છે તે સત્તર હજાર રૂપિયા ખર્ચીને આવ્યો તો, તે વાઈફ ને છોકરાને લઈ ને. સત્તર હજાર એટલે સત્તરસો ડોલર થાય આવવા-જવાનું ભાડું ત્રણ ટિકિટોનું. એ તો ખાલી દર્શન માટે. આપણા લોકો તો સો રૂપિયા ખર્ચવાના હોય તો 'ટાઈમ નથી' કહે. ત્યારે (મોહ રૂપી) દારૂ ઉતરેલો ના હોય ને ! એ જાણતા નથી, આ શું મળે છે ! એ જાણતા નથી કે જે અમૂલ્ય એટલે અબજોથી પરની કિંમત છે આ ! એને ભાન નથી.

મારું એક જ દિવસ સાચું દર્શન કરે તો તેનું કલ્યાણ થઈ જાય તેમ છે. ખાલી મોઢું જોવાનું નથી, પણ લોકને સાચા દર્શન જ કરતાં આવડતું નથી !

આ તો બધા દેહને નમસ્કાર કરે છે, તેમને દેહ સારો મળશે. કોઇ અંદર બેઠેલા ભગવાનના તો દર્શન કરતું જ નથી. દેહને નમસ્કાર નથી કરવાના, અંદર બેઠેલા ભગવાનને નમસ્કાર કરવાના છે. તે જ સાચા નમસ્કાર છે.

## સાચા દર્શનથી બંધાયું તીર્થંકર ગોત્ર

શ્રેણિક રાજાને મહાવીર ભગવાનના ફક્ત દર્શન કરવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે અને એ જ ભગવાન મહાવીર પાસે આવીને અનંત અવતારી થયેલા એવાય જીવો છે ! કારણ કે ભગવાનના દર્શન કરતા જે મશીન અવળું ફર્યું, તે અનંત અવતાર થયા !

એ શ્રેણિક રાજા પદ્મનાભ નામના આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે, ખાલી ભગવાનના દર્શનથી જ ! હવે તે ઘડીએ દર્શન તો બધા બહુ લોક કરે છે ને ! પણ ના, શ્રેણિક રાજાને પૂર્વે કોઈ ગુરુ મહારાજે જે દૃષ્ટિ આપી હતી ને, એ દૃષ્ટિ અને આ દર્શન બે ભેગું થયું તે તરત જ તીર્થંકર ગોત્ર બંધાયું !

આ પથરા ઉપર એકાગ્રતા કરો તોય મૂર્તિ ચાલવા માંડે તો જ્ઞાની પુરુષની એકાગ્રતા કરે તો એને તીર્થંકરના દર્શન થાય.

આ દર્શન દુનિયામાં દુર્લભમાંય દુર્લભ છે. આ દાદા તો પોતે તીર્થંકરના આસિસ્ટન્ટ (સહાયક) છે.

આ જ્ઞાની પુરુષના દર્શન થવા તે જ બહુ કિંમતી વસ્તુ છે. બહુ કિંમત ચૂકવાય છે ત્યારે દર્શન થાય છે.

## ઝવેરીને હીરાની કિંમત સમજાય

લોકો તો મને ગાડીમાંય ભેગા થતા હશે ને, નહીં થતા હોય ? ભેગા થયા એને દર્શન નથી કહેવાતું. આ તમને અહીં ભેગા થયા તે દર્શન કહેવાય ખરું, પણ તેય પાછું પૂર્ણ કિંમતનું નહીં. આ હીરાની જેટલી તમને કિંમત સમજાય એટલું દર્શન તમને થયું. તમને જેટલું સમજાય એટલું તમને દર્શન થયું. એમને

**" અમારા દર્શન એટલે આમ અમને જુઓ તે દર્શન ના કહેવાય. અમારા દર્શન એટલે અમારી યથાર્થ કિંમત સમજો તે. "**

જેટલું સમજાય એટલું એમને દર્શન થયું. કિંમત સમજાય એટલું દર્શન.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** તમારે ઘેર અમે આવ્યા'તા તે દહાડે તો તમને એમ જ લાગ્યું કે આ છે તે કોઈ જ્ઞાની પુરુષ છે. માટે આવ્યા તે તમે વિનયધર્મમાં રહો. પણ તે દહાડે આજે જે દર્શન થયું એટલું તે દહાડે દર્શન હતું કંઈ ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** હંઅ. તો આજે વધ્યું પાછું તમારું દર્શન. કારણ કે આ દર્શન આમ થાય ત્યારે ખરું. દર્શન ક્યારે સમજાય કે જ્યારે આપણને કંઈક આપી દે એ. આ આને શાથી ખરું દર્શન સમજાઈ ગયું હશે ? કેમ પાછળ પડ્યા છે મારી ? ધંધા-રૂપિયા નહોતા ? તો કહે, ધંધા-રૂપિયા બધા બહુ હતા. મને કહે છે, 'દાદા, શું કરું ધંધા-રોજગારનું ?' મેં કહ્યું, 'ધંધો-રોજગાર એની મેળે ચાલે એટલું ચાલવા દ્યો. ઉત્પાત કરશો નહીં હવે.' નહીંતર ધંધા-રોજગાર તો બધા બહુ હતા, પણ દાદાની પાછળ શું કામ પડ્યા છે ? એવા ખઈખપૂચીને પાછળ પડ્યા છે, એક ક્ષણ પણ ચૂકે નહીં. ભૂલે નહીં એવી રીતે અને ત્યાં ગાડીમાંય છે તે આખો દહાડો પેલા ટેપરેકર્ડો બોલ્યા કરે. શા માટે પાછળ પડ્યા ? એમને દર્શન થઈ ગયું. શું થઈ ગયું ? કિંમત આખી પૂરી અંકાઈ ગઈ. હવે એ પૂરી અંકાઈ તેય હજુ એમની સમજણની ભાષામાં. તે પાછી દરેકને જુદી જુદી અંકાયેલી હોય, થોડો ફેર હોય. આ હીરો હોય ને, તો અહીં આગળ મુંબઈના બજારમાં જેના પચ્ચીસ લાખ રૂપિયા કિંમત ગણાતી હોય તો એને મદ્રાસમાં જઈને વેચીએ તો સુડતાલીસ લાખ રૂપિયા આવે. તમને સમજાય છે ? અને પછી એનો એ હીરો જો પેરીસમાં વેચીએ તો સવા કરોડ રૂપિયા આવે ! તો કોને કિંમત વધારે છે ? પેરીસવાળાને વધારે છે. કારણ કે એ ઝવેરાતને બહુ પહેલેથી, ઘણા વખતથી એને સ્ટડી (અભ્યાસ) કરતા આવ્યા છે. એટલે એક્સપર્ટ (નિષ્ણાંત) થઈ ગયેલા છે. અને



બજાર પણ હોવું જોઈએ ને ? એક્સપર્ટ હોય ને બજાર ના હોય તો કિંમત ના સમજાય. તમને સમજાયું ને ? એટલે આ કિંમત એવી તમને સમજાય. તમારે ઘેર આવ્યા ત્યારે જે કિંમત અંકાઈ'તી, એ તો બીજું કશું નહીં પણ તમે પુણ્યશાળી લોક એટલે બીજું આડું-વાંકું

નહીં, વિનયી બધુંય ખરું પણ ખરું દર્શન ના થાય, એટલે ખરી ઓળખાણ ના થાય. આજે થોડીઘણી ઓળખાણ પડી કે આ દર્શન યોગ્ય છે એવું લાગ્યું !

તેથી તો કવિએ ગાયું છે ને કે

'જેની રે સંતો, કોટિ જન્મોની પુણ્યૈ જાગે,
તેને રે સંતો, દાદાના દર્શન થાયે રે,
ઘટમાં એને ખટકારો ખટ ખટ વાગે રે.'

'કરોડો જન્મની પુણ્યૈ ભેગી થાય ત્યારે આ દર્શન થાય.' પછી બીજું વાક્ય શું કહે છે કે 'એને ખટકારો પછી લાગ્યા કરે.' ખટકારો એટલે યાદ જ આવ્યા કરે. આપણે લક્ષ્મી યાદ કરવા જઈએ ત્યારે હોરું એ યાદ આવે આગળ ને આગળ. જ્યાં જાવ ત્યાં આગળ ને આગળ. પછી તો આપણને કલ્યાણ જ થઈ ગયું ને ! આપણે યાદ કરવા હોય તોય નથી આવતા મહાવીર ભગવાન, ભૂલી જવાય છે. અને પેલા મહાવીર ભગવાન જો સામા ને સામા જ આવ્યા કરતા હોય તો આપણા જેવા પુણ્યશાળી કોણ ? યાદ જ આવ્યા કરે.

ખટકારો એટલે શું કે એક વખત 'દાદા'ને ભેગો થયો તો પછી ફરી અહીં દર્શન કરવાનું મન થયા કરે. એથી અમે કહીએ છીએ કે 'જો તારે પાછા જવું હોય તો મને ભેગો થઈશ નહીં અને ભેગો થયો એટલે તારે મોક્ષે જવું પડશે ! જો તારે ચાર ગતિમાં જવું હોય તો તેય આપું. અહીં તો મોક્ષનો સિક્કો વાગી જાય એટલે મોક્ષે જવું જ પડે.' અમે તો તમને કહીએ છીએ કે અહીં ફસાશો નહીં અને ફસાયા પછી નીકળી શકશો નહીં.

## જ્ઞાનીના સ્વપ્નેય દર્શન ક્રિયાકારી

**પ્રશ્નકર્તા :** દાદા, આજથી ચારેક માસ પહેલા આપ સ્વપ્નમાં આવ્યા હતા અને આપના દર્શનનો લાભ અત્યારે મળે છે. સ્વપ્નમાં જે આપ હતા તે જ છો.

**" જો તારે પાછા જવું હોય તો મને ભેગો થઈશ નહીં અને ભેગો થયો એટલે તારે મોક્ષે જવું પડશે ! જો તારે ચાર ગતિમાં જવું હોય તો તેય આપું. "**

**દાદાશ્રી :** ભૂલચૂક ના થાય જોજો જરા ! એક્ઝેક્ટ તે જ છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમારું કામ થઈ ગયું. આ સ્વપ્નમાં દર્શન થયા, એના જેવો પુણ્યશાળી કોણ? જો કે ઘણા લોકોને થાય છે, હં. દસ-વીસ હજાર માણસને થયા છે દર્શન. પણ તમને થયા એ બહુ સારા થયા. આવું પહેલા થાય છે ખરું પણ અમુક જ માણસોને. એક્ઝેક્ટ આ જ પ્રમાણે દેખાયું'તું ? પછી તમને કશું કહ્યું'તું ?

**પ્રશ્નકર્તા :** બસ એ જ, આમ દર્શન થયા અને સવારમાં એકદમ આંખ ખુલી ગઈ મારી.

**દાદાશ્રી :** બહુ સારું થઈ ગયું, તમારી પુણ્યૈ જાગી ! નહીં તો લોકો એની આશા રાખે. ગમે એટલી બાધાઓ રાખે, ગમે એટલા ખર્ચા કરે તોય આ દર્શન ના થાય !

**પ્રશ્નકર્તા :** એમ નહીં, આપનો કોઈ જાતનો વિચાર પણ નહીં, કોઈ ખ્યાલ પણ નહીં.

**દાદાશ્રી :** ખ્યાલ ન્હોતો છતાં એ દર્શન થઈ ગયા, એ જ મોટી અજાયબી કહેવાય ને ! લોકો બહુ મોટા પુણ્યશાળી ગણે તમને.

**પ્રશ્નકર્તા :** અમુક જે આપણને સ્વપ્ના

આવે છે અને એમાં જ્ઞાની પુરુષના આપણે દર્શન કરીએ, એ બધા સ્વપ્ના સાચા આવતા હશે ?

**દાદાશ્રી :** હા. સ્વપ્નું એ અવસ્થા ખોટી નથી, એ સાચી અવસ્થા છે. પછી આપણને અનુકૂળ આવે કે અનુકૂળ ના આવે એ જુદી વસ્તુ છે. આ દાદા સ્વપ્નામાં બહુ લોકોને આવે છે, ખોટું નથી એ. સ્વપ્નામાં આવે છે, વિધિ કરી આપે છે.

**પ્રશ્નકર્તા :** જ્યારે આપ અમદાવાદમાં આવવાના હો છો, તો એના પાંચ-છ દિવસ અગાઉ સ્વપ્નામાં આવી જાવ છો.



**દાદાશ્રી :** સ્વપ્નદશામાં દર્શન એ તદ્દન સાચી વાત છે, એ ગપ્પું નથી. ગપ્પું દુનિયામાં કશું આવે જ નહીં, ફેક્ટ (સાચી) જ વસ્તુ આવે.

**પ્રશ્નકર્તા :** પણ અમદાવાદમાં આપના દર્શન થાય છે, એ પાછું સ્વપ્નામાં થાય એ વાસ્તવિકતા જ કહેવાય ને ?

**દાદાશ્રી :** હા, એટલે વાસ્તવિકતા. એક્ઝેક્ટનેસ. અને તે ફળ હઉ આપે. મહીં આનંદ આનંદ હઉ થઈ જાય. ત્યાં તે વખતે એટલો બધો આનંદ થઈ જાય.

## સ્વપ્નના દર્શને પામે વિશ્રામ

**પ્રશ્નકર્તા :** જાગ્રત દશામાં થતા આપના દર્શનથી પડતા સંસ્કારો અને સ્વપ્નાવસ્થામાં થતા આપના દર્શનથી પડતા સંસ્કારો, એ બેમાં વધુ અસરકારક કયા સંસ્કારો છે ?

**દાદાશ્રી :** એ તો જાગ્રત દશાના છે અને પેલા સ્વપ્નદશાના જે સંસ્કારો છે એ સ્થિર કરે છે અને જાગૃત દશાના હેલ્પ (મદદ) કરે છે. સ્વપ્નાવસ્થાના સ્થિર કરે, જરા ચંચળતા ઓછી કરી નાખે. જ્ઞાનીના દર્શન સ્વપ્નમાં થાય તો મન મજબૂત થાય અને બીજે ના જાય.

એક જણ મને કહે કે 'દાદા, સ્વપ્નામાં હું બે કલાક રડ્યો. તમે આવ્યા ને તમારા દર્શન કર્યા ને બધું જ શાંત થઈ ગયું ! હલકો ફુલ થઈ ગયો!' મેં કહ્યું, 'અલ્યા, લૂગડું ભીનું થઈ ગયું હતું ?' રૂબરૂ મળ્યા કરતાં આમ સ્વપ્નમાં દાદા આવે અને તેમની પાસે માંગણી કરો તો અપાર મળે. સ્વપ્નમાં પણ આ દાદો આવીને બધું જ કરી શકે એવો છે ! માગતાં આવડવું જોઈએ. અમારા કેટલાક મહાત્માઓને તો દાદા રોજ સ્વપ્નમાં આવે છે. શાસ્ત્રો શું કહે છે કે

'એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
તેનું મન ન ચઢે બીજે ભામે રે.'

જો જ્ઞાની પુરુષના એક વાર સ્વપ્નમાં પણ દર્શન થઈ જાય તો તારા મનની બીજી ભ્રમણાઓ છૂટી જશે.

આ તો ચિત્તવૃત્તિઓ થાકી થાકીને હેરાન થઈ ગઈ, લોથ થઈ ગઈ છે. તે ચિત્તવૃત્તિઓ, દાદાના સ્વપ્નમાં દર્શન થાય ત્યારે વિશ્રામ પામે છે. આ બધું આનંદનું સ્થાન છે. આનંદ મહીંથી આવે છે પણ આ પરમાનંદી પુરુષનો સંયોગ ભેગો થાય એટલે આનંદ ઉભરાય.



## દાદા દેખાયા કરે

**પ્રશ્નકર્તા :** આજે જ આપના પ્રત્યક્ષ દર્શન કર્યા. પણ માંદગી દરમિયાન આપનું સાહિત્ય વાંચ્યું, ત્યારે આપની આંખ અને કપાળના દર્શન થયા એ શું ?

**દાદાશ્રી :** આ દાદાના દર્શન તો રસ્તે ચાલતા પણ થાય. એ તો વાત હઉ કરે આપણી જોડે. આપણો ભાવ થાય એટલે વાત હઉ કરે. તમારી જોડે વાતો કરે, સંભળાય તમને, બધું જ કરે.

**પ્રશ્નકર્તા :** આ તો એમણે આપને પહેલા જોયા નહોતા.

**દાદાશ્રી :** હા, તોય પણ દેખાય. ઘણા માણસોએ ના જોયા હોય તોય દાદા દેખાય. ત્યાં દર્શન થાય પછી આવીને મને કહે, દેખાયા તે, મેં દર્શન કર્યા'તા તે જ આપ છો.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** એ જ આ કાળનું મોટું આશ્ચર્ય છે કે જે સૂક્ષ્મ શરીરે ફરે છે ને બહાર, તે જ દર્શન આપે છે, જ્યાં ને ત્યાં આ. બહાર અમેરિકા-મુંબઈમાં બધે એ ફરે છે. રાત-દહાડો બધેય ચોવીસેય કલાક ફર્યા કરે છે. હું તો અહીં હોઉં પણ ત્યાં દાદા દેખાયા કરે. તમારી જોડે વાત હઉ કરે. તમે મને બીજે દહાડે પૂછો કે 'સાડા ત્રણ વાગે તમે આવ્યા'તા ?' તો મારે 'હા' કહેવું પડે. તમને ગૂંચવાડો ઊભો ના થાય એટલે 'હા' જ કહેવું પડે. અને પાછું તે હું બોલું એવું જ બોલે. પેણે તો એમ જ લાગે. એ લખી લે પાછો. પાછા મને મૂકવા આવે. તે કહે, 'તમને મૂકવા આવ્યો'તો' ત્યાં આગળ કારની પાસે. ખુરશી આમ પકડી'તી.

**પ્રશ્નકર્તા :** આપ અહીં હો અને બહાર બીજે ક્યાંક બીજાને આપના દર્શન થાય, તો તે વખતે આપ શું અનુભવો છો ?

**દાદાશ્રી :** એ તો એવું છે ને, અમારા દર્શન થવા એ વસ્તુ જુદી છે અને મારે અનુભવમાં ક્યારે આવે કે એનું લેવલ ગોઠવાયેલું હોયને, તો મને ખબર પડે કે આ ફોન પકડ્યો છે આ માણસે, નહીં તો મને કશી ખબર પડે નહીં.

**પ્રશ્નકર્તા :** એ લેવલ કોણ ગોઠવે ? લેવલ કેવી રીતે ગોઠવાય ?

**દાદાશ્રી :** તે તમારામાં એટલી કેપેસીટી આવવી જોઈએ. કેપેસીટી આવેને, એટલે લેવલ ગોઠવાય. પછી બધી વાતચીત થાય, શબ્દેશબ્દ સંભળાય. તમે ઈંગ્લેન્ડમાં હોય તોય સંભળાય. આ તો વિજ્ઞાન છે બધું !

## એક ફેરો દર્શન કર્યા પછી પ્રત્યક્ષ જ હોય

જેને આ દેહે દાદાને દેખ્યા હોય, જેને દાદાના દર્શન કર્યા હોય, તેને પછી જ્યારે હોય ત્યારે પ્રત્યક્ષ જ હોય છે. ફોટો તો એક

**જેને દાદાનું નિદિધ્યાસન રહે, તેને બધા જ તાળાં ઊઘડી જાય. દાદા જોડે અભેદતા એ જ નિદિધ્યાસન છે ! બહુ પુણ્ય હોય ત્યારે એવું જાગે, અને 'જ્ઞાની'ના નિદિધ્યાસનનું સાક્ષાત્ ફળ મળે છે.**

સાધારણ આપણે આમ એના માટે રાખીએ છીએ. ફોટો ના હોય તો ચાલી જાય. એટલે આ રોજ વાત કરજે.

**પ્રશ્નકર્તા :** આપ જ્યારે અહીં હો ત્યારે આપની ભક્તિ કરીએ તે પ્રત્યક્ષ ભક્તિ કહેવાય, પણ આપ જ્યારે પરદેશમાં હો ત્યારે અમે આપના દર્શન કરીએ તો તે પ્રત્યક્ષ કહેવાય કે ?

**દાદાશ્રી :** પરદેશમાં હોઈએ ત્યારે જુદી વાત છે, ત્યારે ફોટો લઈને દર્શન કરીએ. એક ફેરો પ્રત્યક્ષ થઈ જાય, પછી પ્રત્યક્ષ જ દેખાય. રસ્તામાં દેખાય, જ્યાં જુઓ ત્યાં દેખાય.

## ફોટામાંય થાય દાદાના એક્ઝેક્ટ દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, જ્યારે બહુ કંઈક આમ જાગે મનમાં કે કંઈ એવું થાય તો દાદાના ફોટા પાસે જઈ..

**દાદાશ્રી :** ત્યાં વાત કરો.

**પ્રશ્નકર્તા :** હા, વાત કરું. પેલો ઊભો ફોટો છે ને, ત્યાં દાદાના પગ પાસે રોજ રાતના સૂતા પહેલા વિધિ કરું.

**દાદાશ્રી :** એ તો એક્ઝેક્ટ સ્થિતિ છે. તમારે એમ ના માનવું કે આ દાદા ફેર છે. તેથી આમણે ઊભો ફોટો પડાવ્યો છે ને.

અરે ! અમારા તો શું પણ અમારા ફોટાના પણ પાછળથી 'દર્શન' કરશે તોય તે તરી જશે.

## જ્ઞાનીનું નિદિધ્યાસન બનાવે નિરાલંબ

**પ્રશ્નકર્તા :** દાદા, આ નિદિધ્યાસન થાય છે આપનું, આપના દર્શન થાય છે એ શું છે ? અસલ ચૈતન્ય તે શું છે ?

**દાદાશ્રી :** અમારી શક્તિ ડિરેક્ટ (સીધી) પ્રાપ્ત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તે અસલ ચૈતન્ય છે ?

**દાદાશ્રી :** એ નિદિધ્યાસન કરો ને, એટલે અસલ ચૈતન્ય શક્તિ મહીં ઉત્પન્ન થઈ જાય. મહીં આ નિદિધ્યાસનમાં ચૈતન્ય સાથે આવ્યું. એટલે તમને અંદર શક્તિ જબરજસ્ત વધી જાય. પેલું તો દેખાય નહીં.

જેને દાદાનું નિદિધ્યાસન રહે, તેને બધા જ તાળાં ઊઘડી જાય. દાદા જોડે અભેદતા એ જ નિદિધ્યાસન છે ! બહુ પુણ્ય હોય ત્યારે એવું જાગે, અને 'જ્ઞાની'ના નિદિધ્યાસનનું સાક્ષાત્ ફળ મળે છે. એ નિદિધ્યાસન, પોતાની શક્તિ એ પ્રમાણે કરી આપે, તે રૂપ કરી આપે. કારણ કે 'જ્ઞાની'નું અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ છે, એટલે તે રૂપ કરી નાખે. 'જ્ઞાની'નું નિદિધ્યાસન નિરાલંબ બનાવે. પછી 'આજે સત્સંગ થયો નહીં, આજે દર્શન થયા નહીં' એવું કશું એને ના રહે. જ્ઞાની પોતે નિરાલંબ છે, એવું પોતે નિરાલંબ થઈ જવું પડે, 'જ્ઞાની'ના નિદિધ્યાસનથી.

## પરિચય વધતા તૂટશે આવરણો

**પ્રશ્નકર્તા :** ઘણી વખતે ધારો કે ખૂબ જ એકાકાર થઈ ગયો હોય, એને છે તે ઘેર બેઠા આપના દર્શન થાય પણ એ દર્શન કેવા ? કે આપ રીતસરના જાતે હાજર થયા હોય અને આમ આપના ચરણને સ્પર્શ કરે એવા અનુભવ થાય છે, તો એ શું ?

**દાદાશ્રી :** એ અનુભવ હોય, એ તો જેણે જોયા હોય ને, તે અનુભવ સાચો. અત્યારે મને જોઈને ઘણા મહાત્માઓના મનમાં દાદા રાત-દહાડો દેખાયા જ કરે છે. એમની જોડે વાતો હઉ કરે છે. કેટલાય માણસો તો મને એમ કહે છે, કે તમે આવ્યા'તાને મારી જોડે, ઉઘાડે છોગે વાતચીત કરનારા ઘણા છે. બધાને મળે છે, વાતચીત થાય છે, કારણ કે દાદાનો સૂક્ષ્મ દેહ બહાર બધે ફર્યા કરે છે, આખા વર્લ્ડમાં ફરે છે એ અને તે બધાને અનુભવ થાય છે જ.

**પ્રશ્નકર્તા :** દાદાનો પણ એ કાયમી સંબંધ ચાલુ જ હોય છે, કે જેમ તમે ટેલિફોન રિસિવર ઊપાડો તો હું તમને વાત કરું જ છું, તો એ વાત બરોબર છે ને ?

**દાદાશ્રી :** હા, આજે રાતે બે વખત આવી ગયો'તો હું, તમારી પાસે ! અને તે કેટલાકને તો દર્શન થઈયે જાય છે, કેટલાકને નાયે થાય, એ સંજોગો ઉપર આધાર રાખે છે.

**પ્રશ્નકર્તા :** કોઈ વાર અમને દેખાય એવા દર્શન આપો તો...

**દાદાશ્રી :** હા, એ થશે. જેમ જેમ તમારો અમારી સાથે પરિચય વધશેને, તેમ આવરણ તૂટતું જશે. તમારા-મારા વચ્ચે જે આવરણ છે, એટલે નથી દેખાતા. બાકી નિરંતર દેખાય એવા છે. કેટલાય લોકોને નિરંતર, એક ક્ષણવાર આઘુંપાછું નહીં, નિરંતર દેખાયા જ કરે.

આ રાતે સૂઈ જાય છે ને, તે રાતે ઊંઘ આવે નહીં પણ આખી રાત દાદાની જોડે જ હોય છે. જો કેટલા પાકા છે ? મેં કહ્યું, 'ઊંઘ આવી'તી ?' ત્યારે કહે, 'ના, ઊંઘ ના આવે તોયે આઘુંપાછું સહેજે નહીં, કશુંયે નહીં.' મેં કહ્યું, 'એટલે બહુ થઈ ગયું. વધારે શું જોઈએ આપણે ?' હાજરી છે તેનું નિદિધ્યાસન હોય. જે પ્રત્યક્ષ નથી, એનું નિદિધ્યાસન હોય નહીં. ફોટા ઉપરના દર્શન લીધેલા, એકાગ્રતા લાવે.

## ચરણસ્પર્શનું મહત્વ

**પ્રશ્નકર્તા :** આપ જે ચરણસ્પર્શ કરાવો છો, એ કઈ રૂઢિથી, એ આપનું શું પ્રયોજન છે પોતાનું ?

**દાદાશ્રી :** ચરણસ્પર્શ તો અહીં જ્ઞાની પાસે હોય. જ્ઞાની એટલે જ્યાં પરમાત્મા પ્રગટ થયેલા હોય. જ્યાં પરમાત્મા મહીં પ્રગટ થયા હોય ત્યાં કરાવાય. આખા બ્રહ્માંડનો પરમાત્મા પ્રગટ થયો હોય. અને ત્યાં એને જો લાભ લેતાં આવડે તો આવડે, નહીં તો ના આવડે તોય અવળુંય કરી લાવે. એ તો મશીનરીથી પાંચ હજાર વોલ્ટ પર એન્જીન ચાલેય ખરું ને મારીય નાખે આખા ગામને.

**પ્રશ્નકર્તા :** તાંત્રિક વિદ્યા હોય તો મારી નાખે.

**દાદાશ્રી :** આ તો દરઅસલ ભગવાનની વિદ્યા. તમે માંગો એ મળે એવી વિદ્યા. તમે માંગતા ભૂલો. ઓળખાણ પડે તો ખાલી દર્શન કરવાથી પાપ ભસ્મીભૂત થઈ જાય. દર્શનથી નાશ થાય પહેલું. પછી સ્પર્શથી નાશ થાય. ખાલી આમ

**"જ્ઞાની પુરુષના ચરણમાં મોક્ષ છે, એવું કહ્યું છે. એટલે ત્યાં આગળ મુક્તિ થવાની શરૂઆત થઈ જાય. આત્મા જોડે જોઈન્ટ (અનુસંધાન) થઈ જાય."**

અમથો હાથ અડાડે ને, તોય નાશ થઈ જાય. પછી ચરણસ્પર્શથી નાશ થઈ જાય. જ્ઞાનવિધિથી બહુ પાપ નાશ થઈ જાય અને જ્ઞાનાગ્નિથી બહુ નાશ થઈ જાય. જે ઘડીએ જ્ઞાનાગ્નિ હોય ને, બધું ભસ્મીભૂત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** સૌથી વધારે શેનાથી નાશ થાય ?



**દાદાશ્રી :** જ્ઞાનાગ્નિથી. નહીં તો માણસને ચોવીસ કલાક પોતાની જાગૃતિ રહે એવું બને જ નહીં ને આ ! અહીં આગળ આખો દહાડો પોતાની દરેક વાત ભૂલી જાય છે, ત્યાં આગળ જાગૃતિ જ ના રહે ને !

## ચરણ સ્પર્શે તાર જોઈન્ટ

**પ્રશ્નકર્તા :** આપણા શાસ્ત્રમાં ચરણસ્પર્શનું મહત્વ આપ્યું છે, જ્ઞાની પુરુષના અંગૂઠાના સ્પર્શનું-વિધિનું મહત્વ આપ્યું છે, તો એનું કંઈ વૈજ્ઞાનિક કારણ હશે ?

**દાદાશ્રી :** હા, એમના ચરણમાં નિરંતર મોક્ષ જ હોય. છૂટો જ થઈ જાય મહીં આત્મા. જ્ઞાની પુરુષના, જે મુક્ત પુરુષના ચરણ, અને તેમાં જો એ ટચ થઈ ગયું, પોતાનું હૃદય એવું ચોખ્ખું હોય, તો મુક્ત જ થઈ જાય એ. જ્ઞાની પુરુષના ચરણમાં જ મોક્ષ છે એમ શાસ્ત્રો કહેવા માગે છે. મોક્ષ બીજી કોઈ જગ્યાએ છે નહીં, પહેલો મોક્ષ શરૂઆત ત્યાં થાય, કહે છે. એટલે આ ચરણ અમારે આપવા પડે, બાકી ચરણ બહારના લોકો આપી શકે નહીં, કારણ કે ખેંચાઈ જાય બધી શક્તિ. આ તો અમારી જબરજસ્ત શક્તિ ઉત્પન્ન થાય અને ખેંચાય એટલે અમને વાંધો નહીં. બાકી ના અપાય, માણસ મરી જાય આ તો. એટલે કોઈ જગ્યાએ આ ચરણસ્પર્શ થાય નહીં, આવું આપણા જેવું ના થાય. અમથા આમ માથું અડાડી આવે. બાકી છેટે રહીને જ નમસ્કાર બધે ચાલવાના.

એટલે શાસ્ત્રકારોએ ચોખ્ખું લખ્યું કે જ્ઞાની પુરુષના ચરણમાં જ મોક્ષ છે, એ સાયન્ટિફિક રસ્તો. આત્મા છૂટો જ પડી જવો જોઈએ મહીં.

**પ્રશ્નકર્તા :** ચરણસ્પર્શ પાછળ સ્થૂળ અને સૂક્ષ્મ કઈ ભાવના રહેલી છે ?

**દાદાશ્રી :** ખાલી સ્પર્શથી જ આ બંધન રહ્યું છે. આ જગતનું બંધન જ સ્પર્શથી થયું છે અને સ્પર્શથી જ છૂટે, પણ જે છૂટેલા હોય એના સ્પર્શથી આપણે છૂટી જઈએ અને બંધાયેલાના સ્પર્શથી આપણે બંધાઈએ. એટલા માટે ચરણસ્પર્શ, જ્ઞાનીના ચરણે મોક્ષ કહેવાનું કારણ જ એટલું છે કે જ્ઞાની પોતે બંધનરહિત થયેલા છે, મોક્ષસ્વરૂપ. તેઓ નિરંતર મોક્ષમાં જ હોય છે. એટલે તમે છૂટી જાઓ, સ્વભાવિક છે. એ પ્રશ્નનો ખુલાસો થઈ ગયો ?

**પ્રશ્નકર્તા :** હા. મનમાં સમર્પણની ભાવના ન હોય તો ચરણસ્પર્શનો અર્થ ખરો ?

**દાદાશ્રી :** ના, તો એનો અર્થ નહીં, મીનિંગલેસ છે. મહીં ભાવના ના હોય ને, તો મીનિંગલેસ છે. એનો અર્થ લોકોને દેખાડે છે. છતાં ફાયદો થાય, કેવો ? ભૂખ મટે, સ્વાદ ના આવે. ખાલી ભૂખ તમારી ભાંગે.



**પ્રશ્નકર્તા :** અને ચરણસ્પર્શ કરનાર બધાની સમર્પણની ભાવના કદાચ ન પણ હોય એવું બને.

**દાદાશ્રી :** ચરણસ્પર્શથી તો મૂળ ભગવાનને ચરણસ્પર્શ કરો છો. એ આ આંખે દેખાય નહીં, પણ પછી જ્યારે તમને આ દિવ્યચક્ષુ મળશે ત્યારે તમને થશે કે ઓહોહો ! જે ભગવાનના દર્શન કરતા હતા, એ ચરણસ્પર્શથી તાર અંદર જાય છે. અંદર તાર એટલે તમારા અંદર ભગવાનની જોડે તાર. એ બે તાર જોઈન્ટ થઈ જાય છે, ચરણસ્પર્શ કરતાંની સાથે જ. જેમ બટન દબાવવાથી લાઈટ થઈ જાય છે એવું છે આ બધું.

**પ્રશ્નકર્તા :** કોઈ ચરણસ્પર્શ કરે અને મનમાં સારી ભાવના ના હોય તો આપને ખબર પડે ખરી ?

**દાદાશ્રી :** એ બધું અમે ધ્યાન ના રાખીએ. અમે તો એને સારી ભાવના આવે એવું એનું મન ફેરવ્યા કરીએ. ખોટો ભાવ શા માટે રાખીએ ? મહેનત કરવી અને ખોટો ભાવ શા હારુ રાખીએ ? હું તો કહું કે સ્વાદિષ્ટ સાથે રસાસ્વાદ સાથે ના જમીએ ? શા માટે આ લુખ્ખો ખોરાક જમીએ ?

**પ્રશ્નકર્તા :** પણ કોઈ દેખાદેખીથી ચરણસ્પર્શ કરતો હોય તો શું થાય ?

**દાદાશ્રી :** દેખાદેખીથી કરે તેનો વાંધો નહીં, લાભ તો થાય. પણ એનું મન ફરે ને એમ અને જો ભાવથી કરે તો કામ નીકળી જાય.

## ચરણસ્પર્શે આત્મા જોડે જોઈન્ટ થાય

**પ્રશ્નકર્તા :** હમણાં આપના ચરણસ્પર્શ કર્યા, એમાં એકદમ રોમાંચ થયો, મારા રૂંવાટા ઊભા થઈ ગયા અને સ્વપ્નાની માફક રડવું આવી ગયું, એ શું ?

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષના ચરણમાં મોક્ષ છે, એવું કહ્યું છે. એટલે ત્યાં આગળ મુક્તિ થવાની શરૂઆત થઈ જાય. આત્મા જોડે જોઈન્ટ (અનુસંધાન) થઈ જાય. થોડોઘણો ફેરફાર લાગ્યો ને મહીં ?

**પ્રશ્નકર્તા :** ફેરફાર લાગ્યો એટલે જ તો મેં આપને પૂછ્યું ને ! કેમ કે એમ તો ઘણા સંતોના દર્શન કર્યા છે મેં.

**દાદાશ્રી :** હા, બરોબર.

**પ્રશ્નકર્તા :** આપના દર્શનથી મને તૃપ્તિ થઈ ગઈ, કહે છે.

**દાદાશ્રી :** હા, બસ. આ દર્શનથી તો બહુ કામ નીકળી જાય એવું છે. દર્શન હોય નહીં ને ! આ ભેગું થયું છે એટલે તમારું કલ્યાણ

થઈ જશે. દર્શન કરશો તોય બહુ થઈ ગયું. ખાલી દર્શન, આ પગે અડી ગયા, વધુ ના થાય તો એક વખત પણ અડી ગયો ને, એટલે બહુ થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** દર્શન થયા અને સ્પર્શ થયો એની અસર તો આત્મા ઉપર રહેવાની જ છે.

**દાદાશ્રી :** અત્યારે તમને જેટલા જ્ઞાની પુરુષને જોવાથી પાપ નાશ થાય, એ બધા થઈ ગયા. ભગવાનને જોવાથી જેટલા પાપ નાશ થાય એટલા દર્શન થઈ ગયા છે. હલકા ફુલ બનાવ્યા ને દાદા યાદ આવ્યા કરશે હવે. દેખાયા કરે દાદા ભગવાન.

## જ્ઞાનીમાં મૂર્તામૂર્ત બેઉ દર્શન થાય

અહીં મનુષ્યરૂપમાં મુખ્ય સાકાર ભગવાન કોને કહેવાય ? 'જ્ઞાની પુરુષ'ને કે જેમનામાં, મનુષ્યરૂપમાં જેને ત્યાં નિરંજન-નિરાકાર પ્રગટ થઈ ગયા હોય, એ સાકાર ભગવાન કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ આત્માને કોઈ આકાર સ્વરૂપે કલ્પવો હોય તો કેવો કલ્પવો ?

**દાદાશ્રી :** આત્માને આકાર છે નહીં. એનો આકાર કલ્પવાનો હોય જ નહીં, એના કરતાં સાકારી ભગવાનની જોડે બેસવું. સાકારી ભગવાન એ જ આત્માનું સ્વરૂપ! જે દેહ સાથે આત્મજ્ઞાની છે એ સાકારી ભગવાન કહેવાય. એમના આખા દેહ મંદિર સાથે દર્શન કરવા.

જ્ઞાની પુરુષ સિવાય અમૂર્તનું ભાન કોઈને ના હોય, અમૂર્ત છૂટું ના પડેલું હોય. ત્યાં સુધી દેહધારી મૂર્તિરૂપે કહેવાય અને આમનામાં છૂટું પડી ગયેલું હોય એટલે મૂર્ત-અમૂર્ત. જ્ઞાનીના પોતાનામાં છૂટું પડી ગયું છે એટલે મૂર્તામૂર્ત લખ્યું અને જેનું છૂટું પડી ગયું એ મૂર્તામૂર્ત કહેવાય. મૂર્ત છે અને અમૂર્તેય છે, બેઉ છૂટા છે.

મૂર્ત એટલે આપણને દર્શન કરવા કામ લાગે, એટલે ઈન્દ્રિયોથી દર્શન થાય અને અમૂર્તના દર્શનેય જ્ઞાની પુરુષે જ્ઞાન આપેલું હોય તેનાથી થાય. બન્નેય દર્શન થાય એવા છે. અને આ જગત વ્યવહારમાં રિલેટિવમાં મૂર્તિ એકલાના જ દર્શન થાય. અત્યારે તમે આ સીમંધર સ્વામીના દર્શન કરો તો મૂર્તિ એકલાના દર્શન થાય, અમૂર્તના દર્શન ના થાય. અમૂર્તના દર્શન તો દિવ્યચક્ષુ વગર થાય નહીં. એટલે આ દિવ્યચક્ષુ મળેલા એટલે અમૂર્તનાય દર્શન કરી શકે છે અને મૂર્તનાય દર્શન કરી શકે છે. આ ચર્મચક્ષુથી મૂર્તના દર્શન થાય છે અને અમૂર્તના દર્શન દિવ્યચક્ષુથી થાય છે, એટલે બેઉ દર્શન સાથે થાય.

**પ્રશ્નકર્તા :** આ જણાય ને આય જણાય.

**દાદાશ્રી :** હા, બેઉ થાય. જેને એના આત્માનું દર્શન થયું, તમારામાં આત્મા દેખાયો એટલે બધાનામાં દેખાઈ ગયો. પોતાનો આત્મા જાણે તે પરનો આત્મા જાણે. એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું. જેણે આત્મા જાણ્યો તેણે બધું જ જાણ્યું. કશું જાણવાનું બાકી રહ્યું નહીં.

**પ્રશ્નકર્તા :** 'અભેદતાથી દર્શન કરતા અમૂર્ત છેવટે મળી ગયા.'

**" મૂર્ત એટલે આપણને દર્શન કરવા કામ લાગે, એટલે ઈન્દ્રિયોથી દર્શન થાય અને અમૂર્તના દર્શનેય જ્ઞાની પુરુષે જ્ઞાન આપેલું હોય તેનાથી થાય. બન્નેય દર્શન થાય એવા છે. "**

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષ જોડે અભેદતાથી દર્શન કર્યા, તેથી અમૂર્તપદ પ્રાપ્ત થયું. અનંત અવતારથી મૂર્ત ભગવાનને જ ભજે છે. જે દેહને 'હું' માનતો હતો, તે બધું આખું ગયું અને અમૂર્તપદમાં બેસી ગયો.

સજીવન મૂર્તિ મળ્યા સિવાય અમૂર્ત થાય નહીં. મૂર્તિનું અવલંબન મૂર્ત બનાવશે અને અમૂર્તનું અવલંબન અમૂર્ત બનાવશે.

રિલેટિવ રિલેટિવના દર્શન કરે એટલે રિલેટિવ જ રહે. અમૂર્ત રિયલના દર્શન કરે તો જ રિયલમાં જાય.

જ્યાં સુધી અમૂર્તના દર્શન ના થાય, 'જ્ઞાની પુરુષ' અમૂર્તના દર્શન ના કરાવે ત્યાં સુધી મૂર્તિની ભજના કરજે, અને જ્યારે અમૂર્તને ભજે ત્યારે મોક્ષ થાય. મૂર્તિ તો અનંત અવતાર ભજ ભજ કરીએ છીએ ને ? 'જ્ઞાની પુરુષ'માં તો અમૂર્ત છે અને મૂર્તિ યે છે. 'જ્ઞાની પુરુષ' મૂર્તામૂર્ત છે, એટલે એમને ભજવાથી મોક્ષ થાય.

## પ્રગટ જ્ઞાની દર્શને પ્રગટે આત્મા

'જ્ઞાની પુરુષ' પાસે તો 'પોતે' 'પોતાના' દર્શન કરવાના છે. જ્યાં સુધી પોતાના આત્માનો એ અનુભવ ના થાય, ત્યાં સુધી જ્ઞાની પુરુષ એ પોતાનો આત્મા છે. એટલે જ્ઞાની પુરુષના દર્શન કર્યા કરવા. પણ ખરી રીતે પોતાના આત્માનું પ્રગટ કર્યા કરવું. પણ જ્યાં સુધી એ પોતાના આત્માનું સ્પષ્ટ વેદન ના થાય, ત્યાં સુધી જ્ઞાની પુરુષ પોતાનો આત્મા છે, એમ માનીને ચાલ્યા કરવું.

જે પોતાના સ્વભાવથી જીવે છે, તેના દર્શન કરવા જેવા કહેવાય. ઓળખીને દર્શન કરો તો કામ લાગે.

જ્ઞાની પુરુષની હાજરીથી જ ફેરફાર થઈ જાય. આ કંઈ ઉપદેશ (સત્સંગ) નથી આપી દીધો, છતાં વાતાવરણથી જ ફેરફાર થઈ જાય.

## ગુરુપૂનમે પૂર્ણ અદ્વૈત ભાવમાં

**પ્રશ્નકર્તા :** આપ સત્સંગ કરો છો અને ગુરુપૂર્ણિમાને દિવસે દર્શન આપો છો, તો એ બન્નેમાં ફેર ખરો કે ?

**દાદાશ્રી :** બહુ ફેર. આ તો સત્સંગ વખતે 'બહાર' નીકળેલો કહેવાય. પેલું દર્શન ઓહોહો, એ તો પૂર્ણ દર્શન કહેવાય. એક ફેરો દર્શન કરી ગયો તો બહુ થઈ ગયું. તે દહાડે અમે 'આવો ચંદુભાઈ કે આવો ફલાણાભાઈ', એમાં ના પડીએ, પૂર્ણ ભાવમાં રહીએ અને આમ તો અહીંયા આગળ તો આડા દહાડે અમે બોલાવીએ, ઓળખીએ હઉ, ત્યાં તો તે દહાડે ઓળખીએય નહીં ને બોલાવીએય નહીં. એ વખતે અદ્વૈત ભાવમાં હોઈએ અને અત્યારે દ્વૈતમાં રહેવું પડે.

એ તો એવું છે ને, બેસતું વર્ષ, જન્મજયંતી અને ગુરુપૂર્ણિમાના દહાડે છેલ્લા દર્શન થાય, પૂર્ણિમાના દર્શન થાય.

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે.

**દાદાશ્રી :** અને રોજ તો ચૌદસના, તેરસનાય થઈ જાય કો'ક દહાડો. હા, અહીં

**" આપણે ત્યાં ત્રણ દિવસ ઉત્તમ; એક બેસતું વર્ષ, એક આ જન્મજયંતી અને આ ગુરુ પૂર્ણિમા. તે દહાડે બીજા જોડે ભાંજગડ ના હોય ને, એટલે અમે પેલા પૂર્ણ સ્વરૂપે એકાકાર હોઈએ ! "**

વ્યવહારિકેય વાતો ચાલતી હોય ને, ત્યારે તેરસ ને બારસનાય થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદાનું સંપૂર્ણ સ્વરૂપ વર્ષમાં ત્રણ દિવસ હોય છે, ગુરુપૂર્ણિમા, દિવાળી ને જન્મજયંતી. તો દિવાળીનું શું મહત્વ હોય છે ?

**દાદાશ્રી :** દિવાળીના દહાડે બે-પાંચ હજાર માણસને દર્શન કરવાના હોય, તે એ નિમિત્તે ભેગું થઈ જાય ને ! એટલે મહત્વ બીજું કંઈ નહીં, અમે નક્કી કરીએ આજ. એટલે એ પ્રમાણે રહીએ પછી. અને આ ગુરુપૂર્ણિમાએ તો થાય જ. જન્મજયંતી ઉપર વધારે થાય સારું.

આવું બાર મહિનામાં બે દિવસ આવે એ રોજ ના આવે. એક ગુરુપૂર્ણિમા ને આ જન્મજયંતી. ત્યારે મેં બધાને કહ્યું, 'એક કરી નાખો.' આ બધું ત્રીસ હજાર રૂપિયા ખર્ચ કરવો ? ત્યારે કહે, 'ના, એકાદ વધારવી છે.' 'અમારે તમને જે આ જ્ઞાન મળ્યું તે દિવસ જડે ને સુરતનો તો અમારે એ વધારવો છે.' અલ્યા મૂઆ, વધારવાનું ક્યાં કરો છો ?

## સંપૂર્ણ પ્રગટતાના દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, જ્યાં જ્યાં જન્મદિવસ અને ગુરુપૂર્ણિમાના પ્રસંગો હોય છે, એ વખતના દર્શન જુદા થાય છે. મને ખંભાતમાં બરાબર એ દર્શન થયા'તા.

**દાદાશ્રી :** હા, તે જુદા દર્શન થાય એટલા માટે અમે કહીએ કે તે દહાડે દર્શન કરી જજો. એ દર્શનની વાત જ ના કરાય. સંપૂર્ણ પ્રગટતા હોય તે ઘડીએ.

**પ્રશ્નકર્તા :** તો સંપૂર્ણ દર્શન એટલે શું ?

**દાદાશ્રી :** સંપૂર્ણ એટલે ભગવાન જેને કહેવામાં આવે છેને, આપણે જેને મૂર્તિઓમાં નથી બોલતા કે આ ઋષભદેવ ભગવાન, મહાવીર ભગવાન, કૃષ્ણ ભગવાન, એવું દેખાય ત્યારે. કોઈને દેખાય, કોઈને ના દેખાય, પણ પેલું તે ઘડીએ હોય છે સંપૂર્ણ.



અમારી જન્મજયંતી ઉજવાય છે ને, ત્યારે તમે આવોને, તે ઘડીએ સંપૂર્ણ હોય, આખો દહાડોય સંપૂર્ણ હોય. અત્યારે તો આ વિધિ કરે એટલી જ વાર ને પછી ના રહે. ને જ્યાં સુધી કેવળજ્ઞાન થાય નહીં ત્યાં સુધી સંપૂર્ણ રહે નહીં. હવે આ જન્મજયંતી હોય છેને અમારી, તે ઘડીએ આખો દહાડોય ક્લિયર (સંપૂર્ણ) હોય. તેથી અમે કહીએને, ખાલી દર્શન કરી જજો ને ! એ તો સંપૂર્ણ દર્શન, તે કંઈ જેવા તેવા કહેવાય નહીં ને ! એ ગુરુપૂર્ણિમા હોય કે એવું જે હોય છે તે ત્યારે એ દર્શન હોય છે, તે ચારેય મહિનાનું ફળ મળી જાય. આજે દર્શન એવું ના હોય ને ત્યારે વીતરાગ દર્શન હોય સંપૂર્ણ.

**પ્રશ્નકર્તા :** વીતરાગ દર્શન હોય !

**દાદાશ્રી :** ત્યારે કંઈ ડખો જ ન હોય ને ! તે દહાડે 'આવો ચંદુભાઈ' એવું તેવું ના



હોયને અમારે. અત્યારે તો 'આવો ચંદુભાઈ, આવો તમે, તમારે શું ચાલે છે ?' એવી ડખલ હોય આ બધી ડખલમાં અમે ના પડીએ ને ! તે દહાડે પૂર્ણ દર્શન હોય. સંસારમાં પડીએ નહીંને તે દહાડે તો.

## પૂર્ણદશાએ ખીલે આતમચંદ્ર

**પ્રશ્નકર્તા :** ગુરુપૂનમને દિવસે, જન્મજયંતીને દિવસે અને દિવાળીને દિવસે તમને ત્રણસો ને સાંઈઠ ડિગ્રી પૂરી રહે છે એ વાત ખરી?

**દાદાશ્રી :** હા, રહે. તે દિવસે તો 'આવો ચંદુભાઈ' એવું-તેવું અમારે ના હોયને, કશો ડખો ના હોય, એટલે તે દહાડે ફુલ દર્શન થાય બધાને અને બહુ લાભ થાય.

આપણે ત્યાં ત્રણ દિવસ ઉત્તમ; એક બેસતું વર્ષ, એક આ જન્મજયંતી અને આ ગુરુ પૂર્ણિમા. તે દહાડે બીજા જોડે ભાંજગડ ના હોય ને, એટલે અમે પેલા પૂર્ણ સ્વરૂપે એકાકાર હોઈએ ! હું (જ્ઞાની પુરુષ) પેલા સ્વરૂપની અંદર (દાદા ભગવાન જોડે) એકાકાર હોઉં, એટલે ફળ તેનું મળે! તેથી દર્શન કરવાનું માહાત્મ્યને!

તેથી બધાને દબાણ કરીએ કે આડે દહાડે દર્શન ન કરીશ તો ચાલશે, પણ તે દહાડે દર્શન કરી જા. કારણ કે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ થયેલું હોય. ચિત્તવૃત્તિ આખી સંપૂર્ણ શુદ્ધ થઈ ગઈ એટલે સંપૂર્ણ ઐશ્વર્ય ઊભું થયેલું. એ ઐશ્વર્યના દર્શન કરીએ ને, તે આપણું ઐશ્વર્ય પ્રગટ થાય !

## સામાન્યભાવના દર્શનમાં પ્રગટે પરમાત્મા

આ ગુરુપૂર્ણિમાએ (૧૯૮૦)માં અડધા ખંભાત શહેરે દર્શન કર્યું. આજે વરઘોડો (શોભાયાત્રા) ફર્યો ને, તે અડધા શહેરે દર્શન કર્યા. કારણ કે આજ તો આશીર્વાદ બહુ ઊંચા હોય અને જ્યારે આપણે બે જ બેઠા હોય ને, ત્યારે હું તમારી જોડે વાતોમાં જ પડું. હું મારા જ્ઞાનમાં હોઉં પણ સહજ વાતો થાય એટલે અસર થાય, ઈફેક્ટ થાય અને બહુ માણસ હોય એટલે પછી દર્શનમાં રહે, સામાન્ય ભાવે રહે. તે સામાન્ય ભાવ તે ઘડીએ પરમાત્માની પ્રગટતા દેખાય, એટલે અજાણ્યા માણસોય દર્શન કરે તો કામ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, બધાના મોઢા ઉપર આનંદ જુદો હતો.

**દાદાશ્રી :** આનંદ જ જુદો હતો, હા.

**પ્રશ્નકર્તા :** દાદા, આ બધાને અહીંયા આ જ આશીર્વાદ જોઈતા છે કે દાદાનું જ નિદિધ્યાસન ચોવીસ કલાક નિરંતર રહે. બીજું કંઈ જોઈતું નથી.

**દાદાશ્રી :** એ તો વરઘોડામાં ફર્યા ત્યારે, વરઘોડામાં દર્શન કરેને ત્યારે રહે. એટલે જન્મજયંતીનો દિવસ હોય ત્યારે રહે.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** વરઘોડામાં ફરેલા ત્યારે તમને નિદિધ્યાસન રહે. તે ઘડીએ ક્લિયર હોય, ફુલ ફેઝમાં હોય.

## જ્ઞાની દર્શને ઠર્યા દિલ

અમારી જન્મજયંતી હોય અગર તો ત્યાં અંદર આવીએને, સત્સંગમાં અમે દર્શન આપીએ તેટલો ટાઈમ ચોખ્ખા દર્શન આપીએ. એ એની મેળે ઉદય નહીં આવેલો, આપેલો હોય. એટલે અહંકાર રહિતનો તે આપેલો હોય. એટલે પેલો ભોક્તાનો અહંકાર જે રહ્યો છે તેય નહીં.

**પ્રશ્નકર્તા :** ભોક્તાનો અહંકાર છે તે વખતે કામ ના કરતો હોય.

**દાદાશ્રી :** તે ઘડીએ ફુલ આત્મા દેખાડું છું, જોનાર જોઈએ. નહીં તો બધા લોકો શી રીતે પામે, મહીં રાગે પડે જ નહીં કોઈ દહાડોય. આ તો ઠરી જાય મહીં.

**પ્રશ્નકર્તા :** ઠરી જાય છે, હા.

**દાદાશ્રી :** હા, ભૂલી જ જાય બધું જગત !

**પ્રશ્નકર્તા :** સંસાર વિસ્મૃત થાય છે.

**દાદાશ્રી :** તારે દિલ ઠર્યું ન્હોતું ?

**પ્રશ્નકર્તા :** ઠરી ગયું હતું.

**દાદાશ્રી :** હા, ઠરી જાય ઊલટું. આવું દર્શન જ હોય નહીં, કોઈ દહાડો. અલૌકિકતા હોય નહીં ને !

## દાદા આમંત્રે જન્મજયંતીએ

જન્મજયંતી વખતેય આવજો ચોક્કસ, બધા ભેગા થાય ત્યારે. જન્મજયંતી અમારી ઉજવાય તે ઘડીએ ખુદ પરમાત્મા બેઠો હોય એના જ દર્શન થાય એટલે લોકોનું કામ નીકળી જાય ને ! તે દર્શન કંઈક ઓર જ હશે ! ફુલ દર્શન એટલા માટે લોક દોડધામ કરે, અને બધો સમૈયો ભેગો થાય અને લોકોના દર્શન થાય ને ! મહાત્માઓના દર્શન થાય ને ! મુંબઈથી આવે, અમદાવાદથી આવે, મદ્રાસથી આવે, કલકત્તાથી આવે બધા, એટલે લાભ ઉઠાવજો.

અમે જ્યાં હોઈએ ત્યાં દર્શન કરવા આવજો બધા અને અમારી જન્મજયંતી અમદાવાદમાં ઉજવવાની છે, ત્યાં પણ આવજો. દસ-દસ દહાડા સુધી ત્યાં ધમાલ ચાલશે બધી. એમાં બે-ચાર દહાડા ફેરો મારી જજો ને ! ત્યાં જમવા-રહેવાની બધી વ્યવસ્થા કરીએ છીએ. ત્યાં આગળ તમારે બીજી શું હરકત ? પણ ત્યાં દાદાના દર્શન થાય. શું થાય ?

**પ્રશ્નકર્તા :** દર્શન થાય.

**દાદાશ્રી :** જન્મજયંતીને દહાડે થોડું છેટેથી દર્શન કરો ને, તો તે દહાડે વીતરાગતા જોવાની મળે.

જન્મજયંતી અને એક આ ગુરુપૂર્ણિમા, ત્યારે પૂર્ણસ્વરૂપના દર્શન થાય અને આપણી બહુ જ જાતની ખોટ ભાંગી જાય. એ સ્વરૂપ જ જુદી જાતનું હોય તે દહાડે અને અત્યારે બે માણસ દર્શન કરનારું હોય તે ઘડીએ સ્વરૂપ જુદું હોય, સો માણસ કરનારું હોય તે ઘડીએ સ્વરૂપ જુદું હોય, ત્રણસો માણસ તે ઘડીએ સ્વરૂપ જુદું હોય અને તે દહાડે તો બે-પાંચ હજાર માણસ દર્શન કરનારું હોય, તે ઘડીએ સ્વરૂપ જુદી જાતનું હોય 'દાદા ભગવાન'નું. ખાલી દર્શન કરીએ તો સો દિવસનું બધું મળી જાય આપણને, માટે આ લાભ છોડશો નહીં આવો જેનાથી લેવાય એવો

હોય, ના લેવાય હોય તેને તો પછી ઉપાય જ નથી. અમે તો તમને સમજણ પાડી ચૂકીએ, સમજવું-ના સમજવું એ તમારા હાથની વાત છે. ગમે તે કશુંક કરી અને આખું કુટુંબ લઈને આવવાનું.

## ઓપન ટુ સ્કાય પ્રેમાત્મા

વીતરાગતાના દર્શન થયા, ઓપન આત્માના દર્શન, તે આજ બધા જ દર્શન થઈ ગયા. અહીંથી ગાડીમાં ખુલ્લો આત્મા ફર્યો તે ત્યાં ઠેઠ મંડપમાં ખુલ્લો આત્મા. જમ્યો ત્યારે ખુલ્લો આત્મા નહોતો. જમતા પહેલા ખુલ્લો આત્મા હતો, ઉઘાડો જ. દેહ-બેહ નહીં, ઓપન ટુ સ્કાય આત્મા ફર્યો આજ ગાડીમાં અને પચ્ચીસો માણસ દર્શન કરી ગયું તેય ઓપન ટુ સ્કાયના દર્શન કરી ગયું. કલ્યાણ જ થઈ ગયું ને એમનું ! જગતે આવો પ્રેમ ક્યારેય પણ જોયો નથી. જ્યાં રાગ-દ્વેષનો છાંટો નથી એવો પ્રેમ, છતાં રાગ નથી. સખત પ્રેમ દાદા ઉપર છતાં રાગ નથી. પ્રશસ્ત રાગેય નથી. પ્રશસ્ત રાગ પહેલાનો બેઠેલો હોય છે, પણ આજે નથી પ્રશસ્ત રાગ. ફક્ત પ્રેમ અને પ્રેમ એ પરમાત્મા. શુદ્ધ પ્રેમ એ પરમાત્મા, વધે નહીં, ઘટે નહીં. એક મિનિટ વધઘટ થયો હતો, હેં ?

**પ્રશ્નકર્તા :** એકધારો.



**દાદાશ્રી :** આઠ વાગ્યાથી એક વાગ્યા સુધી બેઠા હતા પાંચ કલાક, અહીંથી આઠ વાગે વરઘોડે ચડ્યા, આત્મા વરઘોડે ચડ્યો, બે ફેટન બે ઘોડાની, આ તો આત્મા જ ઉઘાડો, ખુલ્લો, ઓપન આત્મા.

## મળે સો અવતારના સંયમની પુષ્ટિ

**પ્રશ્નકર્તા :** આપની વીતરાગતા દેખાતી હતી.

**દાદાશ્રી :** વીતરાગતા ક્યારે દેખાય ? અક્રમ જ્ઞાની હોય તો જ વીતરાગતા દેખાય. બીજા જ્ઞાની હોય ત્યાં વીતરાગતા ના દેખાય, ત્યાં સંયમ દેખાય. શું દેખાય ?

**પ્રશ્નકર્તા :** સંયમ દેખાય.

**દાદાશ્રી :** એ સંયમ પાછો અસંયમ થઈ જાય એવોય સંયમ હોય, વીતરાગતા નહીં. એ ક્રમિક માર્ગ છે. એટલે આ વીતરાગતા જોઈને ? અને વીતરાગ પ્રેમેય જોયો ને ? અને પોતાની સ્થિતિ કેવી થઈ હતી તેય જોઈને ? પોતાની સ્થિતિનું લેવલ પોતે ઓછા ના જાણે ? આત્મા થર્મોમિટર છે, તે ચંદુભાઈની શું સ્થિતિ છે એ આત્મા બધું જાણે.

આ દિવસોમાં દર્શન કરીને પુષ્ટિ જે મળી છે માણસોને, એ સો અવતારના સંયમ જેટલી પુષ્ટિ મળી છે. સો અવતારના સંયમનું

પરિણામ એટલી પુષ્ટિ મળી છે આજે તમને. સો અવતારનો સંયમ કરેલો હોય અને તે પુષ્ટિનો આટલો દડો હોય એટલો દડો અહીં મળ્યો છે, આજે એક જ દહાડામાં. પછી જેને જેવી સમજણ, પણ વધતો-ઓછોય પણ દડો મળ્યો છે એ. હપુચા અણસમજણવાળાના હાથમાંય દડો છે.

આ એક દહાડો હોય ને ત્યાં તમે આવો, તો બહુ થઈ ગયું. તેનો અર્થ બીજો પુરુષાર્થ તોડી ના નાખશો. બહુ થઈ ગયું એટલે તમારે એમ ના માનવું કે કેટલાક માણસો નથી આવતા તે ના આવતા હોય તો ભલે. એમનાથી ના અવાય તો એમના યોગ એવા હશે, બધા સંજોગ એવા હશે, પણ આવું એક દહાડો દર્શન કરી જાય છે ને, બહુ થઈ ગયું. પણ જે પુરુષાર્થ કરતા હોય તેને પુરુષાર્થ છોડવો નહીં. કારણ કે આવો મોક્ષમાર્ગ ફરી નીકળવાનો નથી. આવો એક-બે-ત્રણ અવતારમાં મોક્ષે જઈએ એવો માર્ગ નથી નીકળવાનો. અને વધુમાં વધુ પંદર અવતારે તો મોક્ષ થાય જ. પછી બીજી આશા શું કરવા રાખીએ ? બરાબર છે કે ?

## ક્લિયર વિઝને પૂર્ણ દર્શન થાય

**પ્રશ્નકર્તા :** ગુરુપૂર્ણિમા હોય કે જન્મજયંતી હોય, એ દિવસે દાદાના દર્શન કરીએ તો આપણા અંતરાયો છૂટી જાય છે ?

**દાદાશ્રી :** આપણું વિઝન કંઈ ખુલ્લું-ચોખ્ખું હોય, તો પૂર્ણ દર્શન થાય. પૂર્ણ ત્રણસો સાંઈઠના દર્શન થાય, આપણું વિઝન ખુલ્લું હોય તો. ઝાંખું હોય ત્યારે તેવું દર્શન થાય ?

**પ્રશ્નકર્તા :** અમારું વિઝન ક્લિયર હોય તો ત્રણસો સાંઈઠના દર્શન થાય તે કેવું ? અમારું વિઝન ક્લિયર એટલે ?

**દાદાશ્રી :** આપણું શુક્લ અંતઃકરણ હોય, બીજો કોઈ બહારનો વિચાર ના આવ્યો હોય અને બધું એક કલાકેય સારું ગુંઠાણું ગયું હોય, તો વિઝન ક્લિયર થાય. તે કોઈ પણ વસ્તુને અરીસાથી જોવી હોય તો એને સાફ કરીએ પછી ક્લિયર થઈ જાયને એના જેવું. તે દહાડે સંપૂર્ણ દર્શન થાય ત્રણસો સાંઈઠના અને આડે દહાડે તમે આવો, તમે આમ જાવ, તેમ જાવ એવી ખટપટમાં હોઈએ. ત્યારે સંપૂર્ણ દર્શન ના થાય. અગર જ્ઞાન આપીએ તે ઘડીએ સંપૂર્ણ દર્શનમાં હોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, હું પેલી છેલ્લી ગાથા જ્યારે બોલું છું 'દેહ છતાં જેની દશા...' ત્યારે આપના સંપૂર્ણ દર્શન થાય છે.

**દાદાશ્રી :** હા, એ બધું દેખાય, એ સ્વભાવિક છે. એ આપણું વિઝન ખુલ્લું હોય તોય દેખાય બળ્યું ! વિઝન ઉપર આધાર રાખે છે, આપણા અરીસા ઉપર, પારકો અરીસો એ કાંઈ કામ લાગે નહીં. બધું જ છે, એને દેખાવું જોઈએ.

**" તે દહાડે સંપૂર્ણ દર્શન થાય ત્રણસો સાંઈઠના અને આડે દહાડે તમે આવો, તમે આમ જાવ, તેમ જાવ એવી ખટપટમાં હોઈએ. ત્યારે સંપૂર્ણ દર્શન ના થાય. અગર જ્ઞાન આપીએ તે ઘડીએ સંપૂર્ણ દર્શનમાં હોઈએ. "**

## પૂર્ણ સ્વરૂપના દર્શને પૂર્ણતા

**પ્રશ્નકર્તા :** પણ એવું તો ખરુંને કે પૂર્ણ સ્વરૂપ એક ફેરો જુએ, પૂર્ણ સ્વરૂપના દર્શન થયા, તો પછી એનું પોતાનું પણ પૂર્ણ સ્વરૂપ આવી જાય ? દાખલા તરીકે દાદાની

જો સો ટકા ઓળખાણ થાય તો સો ટકા પૂર્ણ સ્વરૂપે દર્શન થાય ?

**દાદાશ્રી :** એંસી ટકા કરો તો એંસી ટકા થાય. જેટલું એના પર ગોઠવ્યું એટલું એનું થાય.

**પ્રશ્નકર્તા :** પણ હવે આ જે જન્મદિવસ છે અને જે આ પૂર્ણિમાનો દિવસ છે, એ બે દિવસ આપણને જે દર્શન થાય છે !

**દાદાશ્રી :** એ ક્લિયર દર્શન થાય.

**પ્રશ્નકર્તા :** એ ક્લિયર દર્શન થાય છે પણ એમાં પાછું પૂર્ણ દશામાં ઓછોવત્તો ફેર પડે ને, દરેક વ્યક્તિને ?

**દાદાશ્રી :** હા, એ સહુના ગજા પ્રમાણે ફેર, પણ પોતાને ક્લિયરનો લાભ મળે.

**પ્રશ્નકર્તા :** દાદાના જે દિવ્ય દર્શન થાય છે, એમ કે દાદાને જોઈએ તો આમ ખૂબ પ્રકાશમાન દેખાય કે જુદા જુદા સ્વરૂપમાં દેખાય આપણને, જે રીતે જોવા હોય તે પ્રમાણે, એ દિવ્ય દર્શન થાય અને આ જે પૂર્ણ સ્વરૂપ થાય એની સાથે કંઈ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** ખરો ને, સંબંધ ખરો. દિવ્ય દર્શન ઊંચું લઈ જાય આપણને. હવે એ પૂર્ણ સ્વરૂપ છે તે આપણને પૂર્ણતા પર શ્રદ્ધા બેસે, આપણી જાત પર કે આ પૂર્ણતા થશે.

## ચૌદ લોકના નાથના દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, આપની હાજરીમાં અમને વિશેષ શાંતિ વર્તાય છે.

**દાદાશ્રી :** એ તો આ હાજરીની તો વાત જ જુદી ને ! આ તો મારી હાજરી તમને દેખાય છે, પણ મને જેની હાજરી દેખાય છે તે હાજરી તમને હઉ વર્તે છે. ચૌદ લોકનો નાથ, આખા બ્રહ્માંડનો નાથ પ્રગટ થયો છે અંદર, એ મનેય



લાભ મળે છે અને તમનેય લાભ મળે છે. આટલી નજીકતા (નિકટતા) જોઈએ, બસ. જેટલો નજીક એટલો લાભ અને આજુબાજુ વાતાવરણ તો સારું રહે જ. એમાં પાછો વાતાવરણનો ફેર ! પણ નજીકનો લાભ મળવાનો અને તે સમજીને પાછું, સમજ્યા વગરનો લાભ નહીં.

તેથી અમે કહીએ છીએ ને, કે આ ભૂલો જે અમને દેખાડે છે, એ ચૌદ લોકનો નાથ છે. એ ચૌદ લોકના નાથના દર્શન કરો. ભૂલો દેખાડનાર કોણ છે ? ચૌદ લોકનો નાથ !

એ 'દાદા ભગવાન' તો મેં જોયેલા છે, અને સંપૂર્ણ દશામાં છે અંદર, એની ગેરેન્ટી આપું છું. હું જ એમને ભજું છું ને ! અને તમનેય કહું છું કે 'ભઈ, તમે દર્શન કરી જાવ.' 'દાદા ભગવાન' ૩૬૦ ડિગ્રી ને મારે ૩૫૬ ડિગ્રી છે. એટલે અમે બે જુદા છીએ, એ પુરવાર થઈ ગયું કે નહીં ?

“ હવે તમારે શાસ્ત્રો વાંચવાની જરૂર નથી. આ પાંચ આજ્ઞા જો કદી પળાય તો ઘણું છે. આપણાથી પુરુષાર્થ થયો છે માટે હવે પકડી શકાય એવું છે. ”

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** અમે બે જુદા છીએ. મહીં પ્રગટ થયેલા છે એ ‘દાદા ભગવાન’ છે. એ સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, ઝળહળ જ્યોતિ સ્વરૂપ !

## આટલો ફેર, જ્ઞાની ને ભગવાનમાં

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જ્ઞાની અને ‘દાદા ભગવાન’માં શું ફેર છે ?

**દાદાશ્રી :** જ્ઞાનીમાં અને ભગવાનમાં એટલો ફેર કે જ્ઞાની સમજી શકે, બધુંય જોઈ શકે, જાણી શકે નહીં. આ જે દેખાય છે ને, એ તો ભાદરણના પટેલ છે ને હું તો જ્ઞાની પુરુષ છું અને દાદા ભગવાન જુદા છે, એ તો પરમાત્મા જ છે ! ચૌદ લોકનો નાથ છે.

મારે ત્રણસો સાંઠ ડિગ્રી પૂરી ના થઈ ને ત્રણસો છપ્પને ઊભું રહ્યું. તેથી અંદર જે પ્રગટ થયા છે તે ભગવાનને ને મારે માટે જુદાપણું રહ્યું છે. અને જો મને આ ત્રણસો સાંઠ થયું હોત ને, તો અમે બન્ને એકાકાર થઈ જાત. પણ આ હવે જુદાપણું રહ્યું છે. કારણ કે આ આટલું નિમિત્ત હશે ને, આ લોકોનું કાર્ય કરવાનું, એટલે જુદાપણું રહ્યું છે. એટલે જેટલો કાળ અમે ભગવાન જોડે ભેગા રહીએ, ત્યારે અભેદભાવ હોય, એટલો કાળ સંપૂર્ણ સ્વરૂપ હોઈએ અને વાણી બોલીએ ત્યારે જુદું પડી જાય.

## જ્ઞાની પુરુષ એ જ દેહધારી પરમાત્મા

**પ્રશ્નકર્તા :** આપ તો આત્મા છો તો પછી આપનામાં જ્ઞાની કયો ભાગ?

**દાદાશ્રી :** જેટલો આત્મા થયો એટલો આ જ્ઞાની. જેટલો ત્રણસો છપ્પનનો આત્મા થયો, એટલો ત્રણસો છપ્પનનો જ્ઞાની. આત્મા જ્ઞાની જ છે પણ તેનું આવરણ ખસવું જોઈએ. જેટલું આવરણ ખસ્યું, ત્રણસો સાંઠ ડિગ્રીનું ખસ્યું તો સંપૂર્ણ થઈ ગયો. ત્રણસો છપ્પનનું ખસ્યું તો ચાર ડિગ્રીનું આવરણ છે. તમારે તો વધારે ડિગ્રીનું આવરણ છે. તે ધીમે ધીમે તમારું આવરણ તૂટતું જશે. આવરણ તૂટ્યું એટલે જ્ઞાની જ છે પોતે. આવરણને લઈને અજ્ઞાની દેખાય છે.

ત્રણસો છપ્પન ડિગ્રી અંતરાત્માની અને ત્રણસો સાંઠ પરમાત્માની. આ જ્ઞાન મળ્યા પછી તમેય અંતરાત્મા છો અને અમેય અંતરાત્મા છીએ. અમારી ડિગ્રી ૩૫૬ છે.

**પ્રશ્નકર્તા :** દર્શનમાં ત્રણસો સાંઠ ડિગ્રી છે, જ્ઞાનમાં નથી આવતી એટલે જ આવું છે ને ?

**દાદાશ્રી :** પણ એ પદ ગણાય નહીં ને ! છતાં શ્રીમદ્ રાજચંદ્રે ખુલ્લા દિલથી કહ્યું કે ‘જ્ઞાની પુરુષ એટલે દેહધારી પરમાત્મા જ છે.’ એ શા માટે કહ્યું? એમની આબરૂ વધારવા માટે નહીં. એમની પાછળ પડશો તો તમારું કામ થશે, નહીં તો કામ જ નહીં થાય. દેહધારી પરમાત્માના પ્રગટપણા સિવાય કોઈ દા’ડો કામ નહીં થાય. તેઓ દેહધારી રૂપે પરમાત્મા જ છે.

**પ્રશ્નકર્તા :** જ્યારે આપ કહો છો કે આ જ્ઞાની પુરુષ છે, એટલે શું સંકેત કરો છો આપ ?

**દાદાશ્રી :** અંતરાત્મા ! એ અંતરાત્મા ચાર ડિગ્રી પછી પરમાત્મા થવાનો. કોઈ કલેક્ટર છે તે પહેલા વર્ષમાં હોય, હમણે જ કલેક્ટર થયો હોય નવો નવો અને બીજા કોઈને કલેક્ટરની વીસ વર્ષની નોકરી થઈ હોય, ત્યારે કમિશ્નર થાય. જેને વીસ વર્ષની નોકરી થઈ, કમિશ્નર થવાના મહિના પહેલાં તે કલેક્ટર હતો ને આય કલેક્ટર હતો, પણ તે સરખું ના કહેવાય. પેલો કાલે કમિશ્નર થઈને ઊભો રહે અને આમને તો વાર લાગશે, વીસ વર્ષ જશે ત્યારે.

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપ આ જે કહો કે ભગવાન બેઠા છે અંદર અને આ હું ત્રણસો છપ્પન છું, ત્યારે આત્મા તો એક જ છે.

**દાદાશ્રી :** ભગવાન અંદર બેઠા છે, હું ૩૫૬ ડિગ્રી પર છું એ વાત કરવી એ રેગ્યુલર કહેવાય, વિગતવાર આમ જ છે. એટલે આ શેના જેવું છે કે પેલા કલેક્ટર તો વીસ વર્ષ કલેક્ટરમાં રહેલા હોય ને, એટલે જાણતા જ હોય કે મને ક્યારે કમિશ્નરનું કહેશે, એ કહેવાય નહીં. એવું આ જ્ઞાનીય જાણતા હોય કે ક્યારે આ ત્રણસો સાંઠ આપણા પૂરા થાય, એ કહેવાય નહીં. એટલે પોતે પોતાના પૂરા પદને જાણતા હોય. પણ અત્યારે જે પદે છે તેવું કહે લોકોને. આ વીતરાગોનું જ્ઞાન, સહેજ પણ ગપ્પું કે આડા-અવળી કશું ચાલે નહીં. 'છે' એને 'છે' જ કહેવું પડે અને 'નથી' એને 'નથી' જ કહેવું પડે. 'નથી' એને 'છે' કહેવડાવે નહીં. એવું અમારી પાસે કહેવડાવા જાય તો અમે ના કહીએ એમાં. અમે હવે અશક્ત છીએ, અમારી શક્તિ કામ કરતી નથી. 'નથી' એને 'છે' કહેવડાવાય જ નહીં.

## જ્ઞાનીની કરુણા

દુનિયામાં બીજા બધા ભેગા થાય પણ હું- જ્ઞાની-અંબાલાલ ભેગા ના થાય. 'હું' કોણ ? 'હું' એ 'દાદા ભગવાન' છે, અમે જ્ઞાની છીએ અને અંબાલાલ એ 'પટેલ' છે. હું-જ્ઞાની-અંબાલાલ ભેગા ના થાય. આ જોગ બેસે નહીં, બીજા બધા જોગ બેસે. ભગવાન પોતે હાજર ના થાય, આ અંદર થઈ ગયા તે આખા બ્રહ્માંડના ભગવાન હું કહું છું, એની ગેરેંટી આપું છું. આ જેટલો સાંધો મેળવી લે એટલો એના બાપનો.

ખરી રીતે આ ત્રણ ભેદ તો હું પાડું છું. હું, જ્ઞાની અને અંબાલાલ - આ ત્રણ ભેદ પાડું છું એની પાછળ કરુણા છે. ખરી રીતે બે જ ભેદ છે - દાદા ભગવાન અને અંબાલાલ, બે જ છે, પણ ત્રણ પાડવાના શું કારણ કે આ દુષમકાળના જીવ છે ને શંકાવાળા છે. વગર કામની શંકાઓથી એનું બગડે ઊલટાંનું. એટલે આ જુદા પાડ્યા, શંકા ઊભી ના થાય ને ?

આ એને ઠંડક રહે. હા, હવે એનું ગાંડપણ ઊભું ના થાય એટલા હારુ. આ અહીંથી ભાગી ના જાય, અહીં આવેલો રખડી ના મરે.

આ લોકોનું કલ્યાણ કેમ થાય એ જ અમારે જોવાનું. અને એટલા માટે આ અમારો અવતાર થયો છે

> **" પ્રગટનું મહત્ત્વ જ તેથી છે કે એમને દેખતા જ મહીં શક્તિઓ પ્રગટ થઈ જાય. ખાલી એમના દર્શનથી જ શક્તિઓ ઉત્પન્ન થાય.. "**

## ખુલ્યું રહસ્ય, અક્રમ વિજ્ઞાન થકી

આ તો વાત નીકળી જાય એટલી સાચી, નહીં તો નીકળે નહીં. દૃષ્ટિ વગર નીકળતી નથી કોઈ દહાડો. આ તો તમારે લીધે હું કહું છું.

**પ્રશ્નકર્તા :** પણ અક્રમ વિજ્ઞાને આખું રહસ્ય જ્ઞાન ખુલ્લું કર્યું અંતરનું.

**દાદાશ્રી :** ખુલ્લું થયેલું જ નહીં. આ તો ઠેઠ સુધી બધું પગલે પગલું ભરેલું.

**પ્રશ્નકર્તા :** આ શાસ્ત્રમાં કે કોઈ આવું અંદરનું બતાડી નથી શક્યું.

**દાદાશ્રી :** હોય જ નહીં ને ! જાણે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આત્મા છે ને પુદ્ગલ છે બધું, બસ.

**દાદાશ્રી :** ઠેઠ સુધી એ વાત હોય અને કેવળજ્ઞાન જાણે ત્યારે આ બોલે નહીં. આ તો બોલતો નથી કોઈ દહાડો, આજે જ બોલ્યો. કારણ કે અમે સંપૂર્ણ દશામાં રહીએ, ત્રણસો સાંઈઠ એકલામાં. એ બેમાં ના રહીએ. આમ ત્રણસો છપ્પને દર્શન થાય અને ત્રણસો સાંઈઠમાં છે તે અમે રહીએ. એટલે આ દર્શન કરનારને બહુ ફાયદો છે ! અત્યારે વાત કરતી વખતે એવો ફાયદો ના થાય.

## દાદાના દર્શન આપશે પૂર્ણાહુતિ

અમે શું કહેવા માગીએ છીએ ? ચૌદ લોકનો નાથ આવી રીતે સામો મળે એવો નહોતો. તે આ દાદાના થ્રુ (થકી) આપણને ભેગો થયો છે. શું થયું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા થ્રુ ભેગા થયા.



**દાદાશ્રી :** હા. એટલે દાદા કહે છે કે ભાઈ, કામ કાઢી લો. શા માટે ? કે આવો આ નાથ ભેગો નહીં થાય. જ્યાં નાથ પ્રગટ થાય ત્યારે એ વીતરાગ થયેલા હોય. અને અહીં નાથ પ્રગટ થયા ને આ ખટપટિયા વીતરાગ રહ્યા એટલે પકડાઈ ગયા છે. એટલે હું કહું છું કે કામ કાઢી લો. બધું પૂર્ણાહુતિ કરી આપશે. અનંત અવતારની ખોટોય બધી ભાંગી નાખશે ઝપાટાબંધ.

**પ્રશ્નકર્તા :** સચ્ચિદાનંદ પરબ્રહ્મનો સાક્ષાત્કાર અમને બધાને ક્યારે થશે ?

**દાદાશ્રી :** થઈ જવાનો. આ તો તમે દાદાના દર્શન કરવા માંડ્યા ને, એટલે હવે એ જ થવા માંડ્યું છે મહીં. મહીં એ જ થઈ રહ્યું છે. અહીં ચૌદ લોકનો નાથ છે. પછી કેટલુંક બૂમો પાડીને કહેવાય કંઈ ? ગાડી ઉપડી જવાની છે ? એ બધું સમજે કે ગાડી-બાડી ઉપડી જવાની હશે ?

**પ્રશ્નકર્તા :** હા, મોક્ષની ગાડી ઉપડી જાય.

**દાદાશ્રી :** ના, આ ચૌદ લોકનો નાથ પ્રગટ થયેલો છે, ફરી એ દર્શન નહીં થાય. બાકી તીર્થંકરો એકલામાં જ પ્રગટ થયેલો હોય.



## દાદા જ દાદાના દર્શન કરે

**પ્રશ્નકર્તા :** દાદા, મહીંવાળા દાદાના દર્શન કેવી રીતે કરે ?

**દાદાશ્રી :** અમને તો સહેજે દર્શન જ થયા કરે. અમારે એમાં જ રહેવાનું ને, એટલે દર્શન થયા જ કરે ને. રહેવાનું જ બહાર નહીં ને !

**પ્રશ્નકર્તા :** પણ દાદા સુરત સ્ટેશને આપને જ્ઞાન થયું એ વખતનું પૂછું છું, કેવી રીતે દર્શન થયા તે વખતે ?

**દાદાશ્રી :** આમાંથી જાણે છૂટા થઈ ગયા હોય એવું લાગ્યું.

**પ્રશ્નકર્તા :** એબ્સોલ્યૂટલી (સંપૂર્ણપણે) ?

**દાદાશ્રી :** હા, એબ્સોલ્યૂટલી.

**પ્રશ્નકર્તા :** અને એ દર્શન દાદાના ?

**દાદાશ્રી :** હા, એબ્સોલ્યૂટ છૂટા.

**પ્રશ્નકર્તા :** તો એની પહેલાનો અનુભવ કાંઈ ન્હોતો ને ? એ જે મોમેન્ટ (ક્ષણ) હતી, દાદા અને એ બે જે છૂટા પડી ગયા, એની પહેલા આપને કંઈ લાગ્યું હતું કે કંઈક થવાનું છે ?

**દાદાશ્રી :** નહીં, આમ સાધારણ... એક જાતની શાંતિ બહુ રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** એની પહેલા ?

**દાદાશ્રી :** શાંતિ ઘણી રહ્યા કરે, પણ એ અહંકાર સાથેની શાંતિ કહેવાય. તે કામની નહીં ને ! એ તો અજ્ઞાનીનેય રહે, બધાને રહે. અજ્ઞાનદશાની શાંતિ, એને શું કરવાનું ? એને બજારમાં વેચવા જઈએ તો પૈસા ના આપે, ચાર આના. એ તો બે પૂરીઓ ખાધી હોય તો કૂતરાનેય રહે.

**પ્રશ્નકર્તા :** તો એ તો અશાંતિ આવવાની શાંતિ હતી ને એ તો ? ટેમ્પરરીને એ તો દાદા ?

**દાદાશ્રી :** તે અમનેય એ શાંતિ એમ કાયમની ના રહે. અડચણ આવે ત્યારે પાછી અશાંતિય થઈ જાય. બાકી તે દશા જ જુદી હતી મને તો ! તે દશાનું વર્ણન થાય એવું નથી. એને માટે શબ્દ ના હોય ને?

**પ્રશ્નકર્તા :** એટલે સ્ટેશન ઉપર દાદાનો એ આનંદ જ અનેરો હતો ને ! સાવ જુદો જ આનંદ હતો ને ! પણ આનંદનો અનુભવ થયો હશે ને, દાદા ? દાદા છૂટા પડી ગયા એ વખતે આનંદ જ જુદો હતો ને તે વખતનો ? કે એવું કાંઈ નહીં ?

**દાદાશ્રી :** એ જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદ બધા ગુણો સાથે છૂટું પડી ગયેલું. દેહમાં નહીં, વચનમાં નહીં, મનમાં નહીં એવું છૂટું પડી ગયેલું. એ વાત જ જુદી છે ! એને જ્ઞાન થયું કહેવાય, જ્ઞાન લાધ્યું કહેવાય ! જ્ઞાન એ જ આત્મા છે.

## દાદાની અપાર કરુણા

એટલે તમારે દાદા પાસે આ અવતાર, બે અવતાર જે હોય તે તમારી સાથે રાખો અને આ ભક્તિ આપો, એવી ભાવના કરવી. હવે એક કલાક બેસવાની કિંમત કેટલી હશે? સમજણવાળાને સમજણ. ના સમજણવાળાને તો એના ગજા પ્રમાણે કિંમત પણ સમજણવાળાને કેટલી કિંમત હશે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપની પાસે બેસવાથી એવું કીધેલું કે આખા હિન્દુસ્તાનમાં બધા તીર્થો છે, એ તીર્થોની જાત્રા કરી હોય, એ જાત્રા કરતા પણ વધારે ફળ આપની પાસે બેસીને આપના દર્શન કરવાથી થાય છે.

**દાદાશ્રી :** એટલે આની વેલ્યુ મપાય એવી નથી. જેટલી સમજણ એટલો લાભ ઊઠાવે. અમારે તો લાભ આપવો છે કે લેવો છે એવું કશું છે નહીં. અમારે તો જે સુખ અમે પામ્યા છીએ એ સુખ જગત પામો એવી અમારી ભાવના છે. બધા હતા તે વીતરાગ હતા, અમે ખટપટિયા વીતરાગ છીએ. ખટપટ એટલી કે અમારા જેવું સુખ પામો. બધાને પમાડીને પછી જવું. માછલાં તરફડે એમ તરફડી રહ્યું છે જગત આખુંયે. સાધુ-સંન્યાસીઓ, બાવલા-બાવલી બધું, જેમ માછલાં તરફડે એમ તરફડી રહ્યું છે. એ મને દેખાય બધું પણ શું કરું ? મારી ઘણી ઈચ્છા છે તેથી જ ઓગણાએંસી વર્ષે કેટલા કલાક કામ કરું છું ?

**પ્રશ્નકર્તા :** અઢાર કલાક, દાદા.

**દાદાશ્રી :** અઢાર કલાક કામ કરું છું અને એકુંય દહાડો રજા નથી. દિવાળીના દહાડે મારે ઊલટું બહુ વધારે કામ હોય છે.

## કિંમત સમજ્યા પછી છોડે નહીં

હવે આળસમાં વખત ખોવા જેવો નથી, વર્ષો ગયા હવે. આ દર્શનની કેટલી વેલ્યુ થાય ? એને આ વેલ્યુ ના સમજાય ત્યાં સુધી એ સ્વાદ આવે નહીં. સમજાય તો જ સ્વાદ આવે ને ! પચીસ અબજનો હીરો સમજાય તો એટલો આનંદ થાય. અને એની કિંમત પાંચ અબજ, પછી એનો એ જ હીરો પાંચ લાખનો છે તેવું સમજાય તો એટલો આનંદ થાય. સમજણ પડવી બહુ સહેલી વસ્તુ નથી. કારણ કે કેટલાક તો નાનપણમાંથી મારી જોડે ને જોડે રહેલા ને, એટલે નવકારનો અર્થેય મેં શિખવાડેલો નાના હતા ત્યારે. અત્યારે અમેરિકામાં જઉં તો ઊતરવાનું એમને ત્યાં. જઈએ ત્યારે કહે, અમારે ત્યાં ઊતરવાનું. પણ એમને પૂરું સમજાય નહીંને આ ? આ જે સ્વરૂપ છે તે જો પૂરું સમજાઈ જાય, કે અલૌકિક સ્વરૂપ છે. લોકોએ સાંભળેલું ના હોય, વાંચેલું ના હોય, જાણેલું ના હોય એવું સ્વરૂપ છે. એ સમજાવું બહુ મુશ્કેલ છે ને ? સમજાય તો જે માગે એ મળે એવું છે. એટલે આ દર્શન માટે તો અમેરિકાથી આવવાના ઊલટા. અને તમે કહો છો કે હજુ ટાઈમ મળે ત્યારે સાચું, ત્યારે આવીશું બીજું શું ? આ તો સમજણ ના હોય એવા બાળકો છોડી દે આને.

જેને કિંમત સમજાય ને, એ અમને ભેગા થયા પછી છોડે જ નહીં.

## અમૂલ્યના દર્શન, ન ચૂકાય કદી

તમને ગમ્યું કે બધું ?

**પ્રશ્નકર્તા :** ગમવા-ના ગમવાની વસ્તુ જ ક્યાં રહી ? દુર્લભ એવા આપના દર્શન અમને થઈ ગયા.

**દાદાશ્રી :** કલ્યાણ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** આપના દર્શનથી મારા આત્માનું કલ્યાણ થઈ ગયું એવું હું માનું છું.

**દાદાશ્રી :** આ દર્શનથી જ થઈ જાય. પણ આ દર્શન કરતા આવડવું જોઈએ. અમે હઉ આ ભગવાનના દર્શન કરીએ છીએ. શેને લીધે કરીએ એ જાણો છો તમે ? અમે આ અંદર સાહેબને નમસ્કાર કરીએ છીએ, શું કામ ? ત્યાં ચૌદ લોકનો નાથ પ્રગટ થયો છે. જે અત્યંત કલ્યાણકારી સ્વરૂપે છે ! આખો કળિયુગનો નાશ કરવાવાળો છે. કળિયુગમાં સત્‌યુગનું ભાન કરાવે છે. સત્‌યુગેય આવો ન્હોતો એવું ભાન કરાવે છે.



**પ્રશ્નકર્તા :** દાદા, આપ અહીં પાંચ દિવસ રહો.

**દાદાશ્રી :** હવે એવો ટાઈમ થોડા વખતમાં આવશે કે તમને બે કલાક જ મળે. ખાલી અમારા દર્શન જ કરવાના મળે તો તમારે ધનભાગ્ય માનવાના રહેશે.

આ અક્રમ વિજ્ઞાન આટલું બધું ફળદાયી છે, એક મિનિટેય ટાઈમ કેમ ખોવાય ? ફરી આવો જોગ કોઈ અવતારમાં ના હોય. માટે આ ભવમાં પૂરું કરી લેવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, આ પૂરું કરી લેવાનું કહ્યું, તે કેવી રીતે ?

**દાદાશ્રી :** અમે જ્યાં સુધી છીએ ત્યાં સુધી ટાઈમ બીજે બગડવો ના જોઈએ. અમે વડોદરા જઈએ અને જેને એવા સંયોગ અનુકૂળ હોય અને પૈસા હોય તેણે ત્યાં આવવું જોઈએ. અમારો જેટલો બને એટલો વધારે ટાઈમ લેવો. ખાલી અમારા સત્સંગમાં આવીને બેસી રહેવાનું. બીજું કંઈ જ કરવાની જરૂર નથી !

## પ્રત્યક્ષનો ભેટો જ કામ કાઢે

પ્રગટનું મહત્ત્વ જ તેથી છે કે એમને દેખતા જ મહીં શક્તિઓ પ્રગટ થઈ જાય. ખાલી એમના દર્શનથી જ શક્તિઓ ઉત્પન્ન થાય. પ્રગટને જોતા જ તે રૂપ થાય.

જેણે અમારા પ્રત્યક્ષ દર્શન કર્યા છે, તેને અમારા પછી પણ લાઈટ (પ્રકાશ) મળ્યા કરશે. અમે છીએ ત્યાં સુધી લોકનું કામ થશે, પછી કંઈ વળશે નહીં. પ્રગટનું મહાતમ છે.

આત્મજ્ઞાનીને દેહધારી રૂપે પરમાત્મા જાણ. પૂર્વેના જ્ઞાનીઓ કહી ગયા છે કે 'જ્ઞાની પુરુષ' દેહધારી રૂપે પરમાત્મા થયા છે, માટે ત્યાં કામ કાઢી લેજે. 'જ્ઞાની પુરુષ'ની અંદર જ આત્મા પ્રગટ થયો છે, જે જાણવા જેવો છે. તારે આત્મા જાણવો હોય તો 'જ્ઞાની પુરુષ' પાસે જા. બીજો કોઈ શાસ્ત્રનો કે પુસ્તકનો આત્મા ચાલે નહીં. પુસ્તકની અંદર કેન્ડલ ચિતરેલું હોય તે દેખાય ખરું કે આવું હોય કેન્ડલ, પણ તેનું અજવાળું ના આવે. તેનાથી કશું વળે નહીં. આત્મા જાણવા તો પ્રત્યક્ષ 'જ્ઞાની પુરુષ'નો ભેટો થવો જોઈએ, તો જ કામ થાય.

" બાકી આ પાંચ આજ્ઞા કોઈ પણ જગ્યાએ અને ગમે તે ટાઈમે સર્વ સમાધાન આપે એવી છે. માટે આ હોય તો સમાધાન રહેશે. "

## કાયમના દાદા ખોળી કાઢવા

**પ્રશ્નકર્તા :** આપની હાજરીમાં બહુ શાંતિ રહે છે પણ બહાર જઈએ પછી બહુ અવરોધો રહે છે.

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા એ મારી હાજરી જ છે. એ આજ્ઞા હાજરી જેટલું જ ફળ આપે. એટલે જેને આ આજ્ઞામાં રહેવું છે, તેને કશું અડતું નથી. જેને આ સંસારમાં લોચા વાળવા છે, તેને ભાંજગડ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ હજી વ્યવહારમાં બહુ ગૂંચવાઈ જવાય છે.

**દાદાશ્રી :** એ તો કર્મના ઉદય આવે, પણ તે વખતે આપણે આજ્ઞામાં રહીએ તો બધા ગૂંચવાડા ઊડી જાય. આજ્ઞા તો બહુ ઊંચી વસ્તુ છે. આજ્ઞામાં થોડું-ઘણું રહેવાય છે મહીં ?

**પ્રશ્નકર્તા :** રહેવાય છે દાદા, થોડું થોડું રહેવાય છે.

**દાદાશ્રી :** નહીં તો શેમાં રહો ? વ્યવહાર ધક્કો મારીને ભૂલાડી દે આજ્ઞા.

બાકી આ પાંચ આજ્ઞા કોઈ પણ જગ્યાએ અને ગમે તે ટાઈમે સર્વ સમાધાન આપે એવી છે. માટે આ હોય તો સમાધાન રહેશે. એટલે એ સેફસાઈડ છે તમારી, કમ્પ્લિટ સેફસાઈડ !

બહુ સહેલું થઈ ગયું છે આ, જો વાત સમજે તો. આ જ્ઞાન આપવાથી બિલકુલ સહેલું. હવે તમારે શાસ્ત્રો વાંચવાની જરૂર નથી. આ પાંચ આજ્ઞા જો કદી પળાય તો ઘણું છે. આપણાથી પુરુષાર્થ થયો છે માટે હવે પકડી શકાય એવું છે. તેમાં અંતરાય કરનારા છે, એવું હું ના નથી કહેતો. પાછલાં હજુ રિઝલ્ટ છે. તે ધક્કા માર માર કરે, પણ આપણે જાગૃત રહ્યા કરવાનું. પ્રતિક્રમણ કર્યા કરવું, તો જાગૃતિ રહે. જેટલી જાગૃતિ એટલું ફળ મળે અને સંપૂર્ણ જાગૃતિ એનું નામ કેવળજ્ઞાન.

પાંચ આજ્ઞા પાળતો હોય તો એ અમારી પ્રત્યક્ષ હાજરી છે ! પ્રત્યક્ષપણું સૂચવે છે એ. તો પછી આ દાદા અમેરિકા ગયા તો તેમાં આપણે શું ? આપણને પાંચ આજ્ઞા આપીને ગયેલા છે, પછી આપણને શું ? એ પોતે જ છે ને ?

**પ્રશ્નકર્તા :** આ સ્થૂળ દાદા જશે પછી આપણે શું કરીશું, એનો દાદા આ જવાબ આપે છે ?

**દાદાશ્રી :** હં, આપણે તો કાયમના દાદા ખોળી કાઢવાના. આ દાદા તો છોંતેર વર્ષના ને દેહ છૂટે ને ગબડી પડે, એનું શું કહેવાય ? એના કરતાં આપણે કાયમના દાદા ખોળી કાઢ્યા હોય તો ભાંજગડ ખરી પછી? પછી રહ્યા તો સો વર્ષ છોને જીવે, આપણને વાંધો નથી. પણ આપણે આપણું ખોળી કાઢીને બેસવું.

**પ્રશ્નકર્તા :** આપ તો દાદા, આપની પાસે આવનારને કેટલા બધા નિરાલંબ બનાવી દો છો !

**દાદાશ્રી :** ત્યારે શું કરે ? હિંમત તો રાખવી જોઈએ ને ! આપણે સ્થિર રહેવું જોઈએ ને ! એટલે આપણે બેસવાના પાટિયા ઉપર બેસવું. આજ્ઞા પાળી કે બેસવાનું પાટિયું મળી ગયું, બસ.



## કામ કાઢી લેવું કઇ રીતે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપની પાસે આવીએ છીએ ત્યારે આપ ઘણી વખત એવું કહો છો કે 'તમારું કામ કાઢી લો, તમારું કામ કાઢી લો', એ અમારે અમારું કામ કેવી રીતે કાઢવું ?

**દાદાશ્રી :** કામ કાઢી લો એટલે શું કહીએ છીએ અમે ? અમે એમ નથી કહેતા કે તમે પૂરી જ આજ્ઞા પાળો. એવું રોજ ગા ગા હું કરું નહીં. પણ કામ કાઢી લો એટલે આપણે સમજી જવું કે આપણને આજ્ઞા વધારે પાળવાની કહે છે, આજ્ઞામાં જાગૃત રહેવાનું કહે છે. એટલે જાગૃત રહો આજ્ઞામાં, એવું હું કહેવા માંગુ છું. એટલે આપણું કામ નીકળી ગયું. પરીક્ષામાં પ્રોફેસર શું કહે કે ભઈ, એવી પરીક્ષા આપો કે માર્ક ઉમેરવા ના પડે, કોઈને આજીજી ના કરવી પડે. એટલે પેલાએ સમજી જવું જોઈએ કે વધારે વાંચવું પડે. બધુંય પદ્ધતિસરનું હોવું જોઈએ. એવું હું કહેવા માંગુ છું, કામ કાઢી લો એ !

આ આજ્ઞા જો પાળે ને, તો કામ કાઢી નાખે એવું છે. જ્યારે તીર્થંકરો હોય છે હાજર, ત્યાં સુધી શાસ્ત્ર-ધર્મ-તપની ના પાડે છે. એ આજ્ઞા આપે એ આજ્ઞામાં જ રહેજે. આજ્ઞા જ મોક્ષે લઈ જશે. એમ અમે અત્યારે શાસ્ત્ર વાંચવાની ના કહીએ છીએ. આજ્ઞા પાળજે ને, કામ થઈ જશે !

કામ કાઢી લેવાનું એટલે અમારી આજ્ઞામાં બરાબર રહેવાતું હોય તો બે-ચાર મહિને એકાદવાર આવીને દર્શન કરી જાય તો ચાલે ને જો ના રહેવાતું હોય તો અહીં આવીને દર્શન કરી જાઓ વારેઘડીએ, રોજ.

## જ્ઞાની પાસે પોતાના દર્શન કરવા

હવે આ પાંચ આજ્ઞા તમે જેટલી પાળશો ને, એ બધી જમે થઈ જશે. બીજું, જ્ઞાની પુરુષના ફરી ફરી જ્યારે જ્યારે દર્શન થાય, ગમે ત્યાં, તો પાંચસો-હજાર ખર્ચીનેય પણ ત્યાં દર્શન કરી આવવા. નજીકમાં આવ્યા હોય તો બને એટલું પૈસા ખર્ચીનેય પણ દર્શન કરવાનું રાખજો. અમે આશીર્વાદ આપીએ ને એકદમ. આ તો અનંત અવતારની ખોટ એક અવતારમાં વાળવાની છે. કેટલા અવતારની ખોટ છે ?

**પ્રશ્નકર્તા :** અનંત.

**દાદાશ્રી :** અનંત અવતાર થયા તેની ખોટ આ એક અવતારમાં વાળવાની છે. 'જ્ઞાની પુરુષ' પાસે તો 'પોતે' 'પોતાના' દર્શન કરવાના છે. એટલે જ્ઞાની પુરુષના દર્શન ચૂકતા નહીં. રાતે જાગરણ કરીને, ઉજાગરો કરીને પણ આ દર્શન કરી લેવા. એટલે પહેલું છે તે જેટલી આજ્ઞા પાળશો એટલું જમે થશે. બીજું, દર્શન કરશો તો જબરજસ્ત જમે થાય રકમ.

આ દર્શન વર્લ્ડની અજાયબી કહેવાય ! આ તો અગિયારમું આશ્ચર્ય છે !

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૪ થી ૧૯ સપ્ટેમ્બર :** પૂજ્યશ્રીના સત્સંગ પ્રવાસની શરૂઆત સિંગાપોરથી થઈ હતી. સિંગાપોરના મહાત્માઓ દ્વારા પૂજ્યશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે અક્રમ વિજ્ઞાનની માહિતી આપતો આપ્તપુત્ર સત્સંગ મુમુક્ષુઓ માટે ગોઠવવામાં આવ્યો હતો. ૧૫ તારીખે જ્ઞાનવિધિમાં ૯૪ મુમુક્ષુઓ આત્મજ્ઞાન પામ્યા હતા. સ્થાનિક મહાત્માઓએ મલેશિયા, ઈન્ડોનેશિયા તેમજ હોંગકોંગથી આવેલા નવા મહાત્મા-મુમુક્ષુઓ માટે એક વર્કશોપનું આયોજન કર્યું હતું. ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર સિંગાપોરમાં ત્રણ દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિંગાપોર, મલેશિયા, ઈન્ડોનેશિયા, અમેરિકા તથા ભારતથી આવેલા મહાત્માઓએ શિબિરમાં ભાગ લીધો હતો. સિંગાપોર તથા મલેશિયાના મહાત્માઓ તથા બાળકો-યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. મલેશિયાના મહાત્માઓ દ્વારા સ્થાનિક નૃત્ય 'દીકીર બરત' દાદાઈ પદો પર રજૂ કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીને પણ ત્યાંનો સ્થાનિક ડ્રેસ કાર્યક્રમમાં પહેરાવ્યો હતો. શિબિર દરમ્યાન આપ્તવાણી-૧નું પારાયણ તથા સેવા પર વિશેષ સત્સંગ થયા હતા. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય પણ ગાળ્યો હતો, જેમાં બીચ પર યોગા, પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક જેવા કાર્યક્રમો થયા હતા. આ શિબિર દરમ્યાન ગરબા તથા MMHT અને WMHT સત્સંગોનું આયોજન થયું હતું. વ્યક્તિગત માર્ગદર્શન મળી રહે તે હેતુથી દાદા દરબાર ગોઠવાયો હતો.

**૨૧ થી ૨૩ સપ્ટેમ્બર :** ન્યુઝીલેન્ડના સૌથી મોટા શહેર ઓકલેન્ડ ખાતે શ્રી શીરડી સાંઈ મંદિરમાં સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ ગોઠવાયો હતો. GNCના બાળકો દ્વારા પૂજ્યશ્રીનું સ્વાગત કરાયું હતું. લગભગ ૩૫૦ જેટલા મહાત્માઓની હાજરી સત્સંગ દરમ્યાન નોંધાઇ હતી. જ્ઞાનવિધિ દરમ્યાન ૧૭૦ મુમુક્ષુઓ આત્મજ્ઞાનને પામ્યા હતા. સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો. જેમાં ૧૪૦ જેટલા મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ક્રુઝમાં બોટિંગનો લાભ લીધો હતો. મહાત્માઓને પૂજ્યશ્રી સાથે ભોજન તથા વ્યક્તિગત માર્ગદર્શન માટે દાદા દરબારનો લાભ મળ્યો હતો.

**૨૫ થી ૨૭ સપ્ટેમ્બર :** ઓસ્ટ્રેલિયાના ગેરીગોંગ (સીડની) ખાતે સ્થાનિક મહાત્માઓ માટે સત્સંગ- શિબિર યોજાઈ, જેમાં ૩૧૦ જેટલા ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોના તેમજ યુકે, યુએસએ અને ભારતથી આવેલા મહાત્માઓએ ભાગ લીધો. અત્યાર સુધીની ઓસ્ટ્રેલિયાની શિબિરોમાં સૌથી વધુ હાજરી આ વખતે નોંધાઈ હતી. GNCના ૮૦ જેટલા બાળકોએ પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. શિબિર દરમ્યાન પૂજ્યશ્રીના આપ્તવાણી-૧ પારાયણ તેમજ 'લક્ષ્મીના વ્યવહાર' પર સત્સંગ થયા હતા. શિબિર દરમ્યાન MMHT, WMHT, YOUTH, GNC માટે સત્સંગ, ભક્તિ-ગરબા, વ્યક્તિગત મૂંઝવણના સમાધાન માટે 'દાદા દરબાર'ની ગોઠવણી જેવા કાર્યક્રમો ગોઠવાયા હતા. મહાત્માઓને પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય દરમ્યાન વેરી બીચ ખાતે વોકનો લાભ મળ્યો હતો. છેલ્લા દિવસે સેવાર્થી સત્સંગ થયો હતો.

**૨૮ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર :** સિડનીમાં સત્સંગ - જ્ઞાનવિધિ કાર્યક્રમ ગોઠવાયો. પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત ઢોલ તથા બેન્ડ દ્વારા કરવામાં આવ્યું. પૂજ્યશ્રી દ્વારા દાદાના વિજ્ઞાન પર આધારિત પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન 5P પર આધારિત હતું, જેમાં પ્યોર લવ, પોઝિટિવિટી, પ્રિન્સિપલ ઓફ મની, પ્રતિક્રમણ અને પ્રત્યક્ષ જ્ઞાની આવરી લેવાયા હતા. તે ઉપરાંત YOUTH દ્વારા સાયન્સ એક્સપેરિમેન્ટ્સ, ગેમ્સ કોર્નર વિગેરે આકર્ષણો કરાયા હતા. સત્સંગ દરમ્યાન લગભગ ૧૦૦૦ જેટલા મહાત્મા-મુમુક્ષુઓની હાજરી નોંધાઈ હતી. તદ્ઉપરાંત સીમંધર સ્વામીની શોભાયાત્રા તેમજ પ્રાણપ્રતિષ્ઠા યોજાઈ હતી. GNCના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જ્ઞાનવિધિ દરમ્યાન ૩૧૦ મુમુક્ષુઓ આત્મજ્ઞાન પામ્યા હતા. છેલ્લા દિવસે પૂજ્યશ્રી સાથે ૪૦૦ મહાત્માઓએ ઈન્ફોર્મલ સમય દરમ્યાન ક્રુઝની સફર માણી હતી. ઘણા મહાત્માઓએ પોતાના જ્ઞાનના અનુભવો કહ્યા હતા.

**૨ થી ૭ ઓક્ટોબર :** પર્થમાં પૂજ્યશ્રીનું સ્થાનિક મહાત્માઓ દ્વારા એરપોર્ટ પર ઉષ્માભર્યુ સ્વાગત કરાયું હતું. સત્સંગમાં ૨૨૫ મહાત્મા-મુમુક્ષુઓની હાજરી નોંધાઇ હતી તથા જ્ઞાનવિધિ દરમ્યાન ૭૦ મુમુક્ષુઓ આત્મજ્ઞાનને પામ્યા હતા. પર્થના મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો. જેમાં ક્રુઝની સફર, ફોટો સેશન, ગરબા, બીચ પર મોર્નિંગ જેવા કાર્યક્રમો થયા હતા. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે પર્થ મીન્ટની મુલાકાત લીધી હતી, જ્યાં સોનું ખાણમાંથી નીકળીને ચોખ્ખું કેવી રીતે થાય છે, તેની આખી પ્રોસેસ જોઈ હતી. વ્યક્તિગત મૂંઝવણના સમાધાન હેતુ દાદા દરબારની ગોઠવણી થઈ હતી. ૭ તારીખે સવારે પૂજ્યશ્રી ભારત આવવા પર્થથી રવાના થયા હતા.

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ અને સાંજે ૫ થી ૫-૩૦
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हररोज़ सुबह 7 से 7-30 तथा शनि से गुरु शाम 6-30 से 7, शुक्र शाम 5 से 5-30
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर सोम से शनि रात 8-30 से 9 (हिन्दी में)
- **'उड़ीसा प्लस'** टीवी पर सोम से शुक्र सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-चंदना** पर सोम और शुक्र शाम 7-30 से 8 (कन्नड़ में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**Singapore**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में)

**Australia**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में)

**New Zealand**
- **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE**
- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતીનું લાઈવ પ્રસારણ

### 'અરિહંત' ચેનલ (ગુજરાતી ભાષામાં)

**૧૭ નવેમ્બર** - સાંજે ૭-૩૦ થી ૧૦ તથા **૧૮-૨૫ નવેમ્બર** - સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૭-૩૦ થી ૧૦

*(તા. ૧૭ થી ૨૫ નવેમ્બર લાઈવ પ્રસારણ હોવાથી આ દિવસોમાં રોજિંદા સત્સંગ કાર્યક્રમ પ્રસારિત થશે નહીં.)*

### 'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) (ગુજરાતી ભાષામાં)

**૧૬-૨૬ નવેમ્બર** - રાત્રે ૧૦ થી ૧૧ *(આ દિવસોમાં રોજિંદો સત્સંગ કાર્યક્રમ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ પ્રસારિત થશે નહીં.)*

### 'આસ્થા-ભજન' ચેનલ (હિન્દી ભાષામાં)

**૧૭ નવેમ્બર** - સાંજે ૭-૩૦ થી ૧૦ તથા **૧૮-૨૩ નવેમ્બર** - સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૭-૩૦ થી ૧૦

**૨૪-૨૫ નવેમ્બર** - બપોરે ૨-૩૦ થી ૫, સાંજે ૭-૩૦ થી ૧૦

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨

**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧

**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

**૨ ડિસેમ્બર** (રવિ) **પૂજ્ય નીરુમાના જન્મ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

સવારે ૬-૩૦ થી ૮-૧૫ - **પ્રભાત ફેરી, પ્રાર્થના, વિધિ** તથા રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - **ભક્તિ**

**૨૩ થી ૩૦ ડિસેમ્બર** - **પારાયણ - આપ્તવાણી ૧૩ (ઉ.)** પર **વાંચન** (પેજ-૩૬૬થી) તથા **આપ્તવાણી ૧૪ - ભાગ-૧**

સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૪-૩૦ થી ૭-૩૦ - **સત્સંગ** - **સામાયિક**

**બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચના**

(૧) પારાયણમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં અને જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિરના ફોન નં. ૦૭૯-૩૯૮૩૦૪૦૦ ઉપર (સવારે ૯ થી ૧ તથા બપોરે ૨ થી સાંજે ૭) પર ૯ ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

(૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું.

(૩) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

(૪) ઓઢવા-પાથરવાનું, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ, દોરી, તાળું-ચાવી વિગેરે સાથે લેતાં આવવું.

**૨ જાન્યુઆરી** (બુધ) **પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

સાંજે ૪-૩૦ થી ૬-૩૦ - **કિર્તન ભક્તિ,** રાત્રે ૮-૩૦ થી ૧૦ - **મહાત્માઓના દાદા સાથેના અનુભવો**

### ચેન્નઈ

**૮ ડિસેમ્બર** (શનિ) - સાંજે ૬-૩૦ થી ૯-૩૦ - **સત્સંગ** તથા **૯ ડિસેમ્બર** (રવિ) - સાંજે ૪-૩૦ થી ૮ - **<u>જ્ઞાનવિધિ</u>**

**સ્થળ :** અન્ના ઓડિટોરીયમ, ભારતીય સર્જન એસોસિએશન, ટી.વી. ટાવર પાસે, ચેપોક, ચેન્નઈ.

**૧૦ ડિસેમ્બર** (સોમ) - સાંજે ૬-૩૦ થી ૯-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ઉમા સૂરજ પેલેસ, અંગલમૈન કોઈલ સ્ટ્રીટ, ચોલાઈ, ચેન્નઈ.

કાર્યક્રમ સંબંધી તથા ઉતારા બાબતે **સંપર્ક :** ૬૩૬૯૧૩૮૧૬૬, ૭૯૦૪૩૯૪૯૪૫ કરો.

### મુંબઈ

**૯ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૧૦ ફેબ્રુઆરી** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **<u>જ્ઞાનવિધિ</u>**

**સ્થળ :** નિર્મલ લાઈફ સ્ટાઈલ મોલ, LBS માર્ગ, મુલુંડ (વેસ્ટ). **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

### રાજકોટ

**૧૬ -૧૭ ફેબ્રુઆરી** - **સત્સંગ** - **<u>જ્ઞાનવિધિ</u>** - (સ્થળ અને સમયની જાહેરાત માટે **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧)

### જામનગર

**૨૨ ફેબ્રુઆરી** (શુક્ર) - સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૨૩ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **<u>જ્ઞાનવિધિ</u>**

**સ્થળ :** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૬૮૭

## જામનગર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

### તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૯-૩૦ થી ૧ તથા **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪-૩૦ થી ૭-૩૦

**સ્થળ :** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ, જામનગર.

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

## અડાલજ ત્રિમંદિર તીર્થક્ષેત્રની પાવન ભૂમિ પર...

# પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૧મો જન્મજયંતી મહોત્સવ

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

## તા. ૧૫ નવેમ્બર થી ૨૫ નવેમ્બર ૨૦૧૮

| તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|
| **૧૫ નવેમ્બર** (ગુરુ) | **મહોત્સવ શુભારંભ -** સાંજે ૭ થી ૯-૩૦ |
| **૧૬ નવેમ્બર** (શુક્ર) | **સોનેરી પ્રભાત -** સવારે ૮ થી ૯, **ઈન્ટરનેશનલ પરેડ** - સાંજે ૪-૩૦ થી ૬-૩૦ |
| **૧૭ નવેમ્બર** (શનિ) | **MMHT સત્સંગ : 'પરિણીતોનેય સિદ્ધ થાય બ્રહ્મચર્ય'** - સવારે ૧૦ થી ૧૧-૩૦<br>**WMHT સત્સંગ : 'મોહ, આવશ્યક-અનાવશ્યક ચીજોમાં'** - સાંજે ૫-૩૦ થી ૭ |
| **૧૮ નવેમ્બર** (રવિ) | **PMHT સત્સંગ :** સવારે ૧૦ થી ૧૧-૩૦ - **પૈસાનો વ્યવહાર, 'નીતિ-પ્રમાણિકતા'**<br>**'પ્રેમથી ઉછેરો બાળકોને', મા-બાપ છોકરાનો વ્યવહાર** - સાંજે ૫-૩૦ થી ૭ |
| **૧૯ નવેમ્બર** (સોમ) | **શ્રી સીમંધર સ્વામીની નાની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા -** સાંજે ૫ થી ૮ |
| **૨૦ નવેમ્બર** (મંગળ) | **'અહો ! અદ્‌ભુત વીતરાગ ચારિત્ર જ્ઞાનીનું'** - સવારે ૧૦ થી ૧૧-૩૦<br>**'ભગવાન શ્રીકૃષ્ણ, જ્ઞાનીની દૃષ્ટિએ' -** સાંજે ૫-૩૦ થી ૭<br>**શ્રીકૃષ્ણ ભગવાન પર વિશેષ નૃત્ય નાટિકા -** રાત્રે ૯ થી ૧૦-૩૦ |
| **૨૧ નવેમ્બર** (બુધ) | **આપ્તવાણી-૧ પેજ-૬૮થી પારાયણ (અંતઃકરણ)** - સવારે ૧૦ થી ૧૨-૩૦<br>**'કામ કાઢી લો પ્રતિક્રમણથી' (દાદાવાણી ઓગષ્ટ-૨૦૧૨) -** સાંજે ૪-૩૦ થી ૭ |
| **૨૨ નવેમ્બર** (ગુરુ) | **જન્મજયંતી નિમિત્તે વિધિ-આરતી-પૂજન-દર્શન-ભક્તિ**<br>સવારે ૭ થી ૧ તથા સાંજે ૫ થી ૮ |
| **૨૩ નવેમ્બર** (શુક્ર) | **GNC સત્સંગ :** (બાળકો અને યુવાનો માટે સ્પેશ્યલ) સાંજે ૪-૩૦ થી ૭ |
| **૨૪ નવેમ્બર** (શનિ) | **'અદ્‌ભુત અક્રમ જ્ઞાન, અજાયબ અક્રમ જ્ઞાની'** - સવારે ૧૦ થી ૧૨-૩૦<br>**જ્ઞાનવિધિ (આત્મસાક્ષાત્કાર પામવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ)-** સાંજે ૪ થી ૭-૩૦ |
| **૨૫ નવેમ્બર** (રવિ) | **સેવાર્થી સત્સંગ** - સવારે ૧૦ થી ૧૨-૩૦ **મહોત્સવ પૂર્ણાહુતિ** - રાત્રે ૮-૩૦ થી ૧૦ |

વિશેષ આકર્ષણો (૧૬ નવેમ્બરથી) - **સાંસ્કૃતિક કાર્યક્રમો-ભક્તિ-નાટક,** દરરોજ રાત્રે ૯ થી ૧૦-૩૦

**ચિલ્ડ્રનપાર્ક તથા થીમપાર્ક,** દરરોજ સાંજે ૪ થી ૧૦ સુધી.

**સ્થળ: અડાલજ ત્રિમંદિર,** અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, જિ.-ગાંધીનગર. ફોન: ૦૭૯-૩૯૮૩૦૧૦૦

<u>બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ</u>

(૧) આ મહોત્સવમાં ભાગ લેવા તથા રજિસ્ટ્રેશન કરાવવા બાબતે સત્સંગ કોર્ડિનેશન ઓફિસ (૦૭૯-૩૯૮૩૦૪૦૦)નો સંપર્ક કરવા વિનંતી. (૨) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોવાથી દરેકે પોતપોતાનો સામાન જુદો લાવવો. (૩) ઓઢવા-પાથરવાની ચાદર, એર પીલો (ઓશીકું), તાળું-ચાવી, સ્વેટર-શાલ, જરૂરી દવાઓ સાથે લેતાં આવવું. (૪) કોઈ પણ પ્રકારનો બિનજરૂરી કિંમતી સામાન-દાગીના સાથે લાવવા નહીં. પોતાના પૈસા-પાકીટ-મોબાઈલ-કેમેરા-ઘરેણાં જાતે સાચવવા.

નવેમ્બર ૨૦૧૮
વર્ષ-૨૪, અંક-3
સળંગ અંક-૨૭૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

જોવા જેવી દુનિયા



પરમ પૂજ્ય દાદા ભગવાન

# ૧૧૧મો જન્મજયંતી મહોત્સવ

૧૫ થી ૨૫ નવેમ્બર, ૨૦૧૮

— ત્રિમંદિર, અડાલજ, જિ. ગાંધીનગર —

જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૧મો જન્મજયંતી મહોત્સવ અડાલજ ત્રિમંદિર ખાતે 'જોવા જેવી દુનિયા' ના નામ-સ્વરૂપે આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈના સાંનિધ્યમાં હર્ષોલ્લાસ સાથે ભવ્ય રીતે ઊજવાશે. આ અમૂલ્ય અવસરનો લહાવો લેવા આપ સહુને ભાવભર્યું નિમંત્રણ છે.

આ દિવ્ય પ્રસંગે પરમ પૂજ્ય દાદા ભગવાને આપેલી ઊંડી છતાં સરળ સમજણને વિવિધ આધ્યાત્મિક સત્સંગ, મલ્ટી-મીડિયા શો, પ્રદર્શનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વર્કશોપ, બાળકો માટેના કાર્યક્રમો વિગેરે દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.